ગૂજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય

[ગુજરાતી કૉપીરાઇટ વિભાગ]

અનુક્રમાંક　　　　　　　　　　વર્ગાંક

પુસ્તકનું નામ

વિષય

પુષ્પમાલા

અથવા

પાંચ સુબોધક વાર્ત્તાઓનો સંગ્રહ.

પ્રકાશક,

જીવનલાલ અમરશી મહેતા.

મેનેજર—"પ્રિન્ટિંગવર્ક એન્ડ બુક્સ એજન્સિ"

અમદાવાદ.

કિંમત ૦-૪-૦

વિ. સં. ૧૯૭૪. ઈ. સ. ૧૯૧૮.

ગુજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય
અમદાવાદ
ગુજરાતનાં કૉપીરાઈટ સંગ્રહ
૭૨૮૬

અમદાવાદ શાહપુર વનમાળીવાંકાની પોળમાં આવેલા
પોતાના 'શ્રી અંબિકા વિજય' પ્રિન્ટિંગ પ્રેસમાં
પટેલ લક્ષ્મીચંદ હીરાચંદે છાપ્યું.

આવૃત્તિ ૨ જી.

પ્રત ૧૦૦૦

સંગ્રહપેટી.

—:o:—

કરકસરથી બચાવેલું ધન નવું પેદા કર્યા બરોબર છે.

—o—

કિશોરલાલ મુંબાઇના એક મોટા કારખાનામાં નોકર હતો. તે બાવીસેક વર્ષનો એક યુવાન હતો; પરંતુ પોતાની જ હોંશિઆરીથી તેણે ચાળીશ રૂપીઆના માસિક પગારની જગો મેળવી હતી. તેનો બાપ તો તેને બચપણમાં મૂકીને જ મરણ પામ્યો હતો અને તેની મા પણ બેએક વર્ષ ઉપર, તેનું લગ્ન કર્યા પછી તરતજ, કોઇ લાંબી મુદતના અસાધ્ય રોગનો ભોગ થઇ પડી હતી. તેની સ્ત્રીનું નામ કમળા હતું અને તે એક સામાન્ય કુટુંબમાં ઉછરેલી હતી. **કમળા** પતિને ત્યાં આવી ત્યારે અઢાર વરસની હતી; પરંતુ એટલી નાની ઉમ્મરમાં તેણે પોતાના પીઅરમાં પ્રાપ્ત કરેલ કર કસરપણું, સુનીતિ, વગેરે સદ્‌ગુણોએ તેને એટલી તો મોટી મદદ કરી કે મુંબાઇ પતિગૃહે આવતાં તેના ઘરનું સઘળું કામકાજ ઉપાડી લેવામાં તેને જરા પણ મહેનત કે અગવડ પડી નહિ.

એટલું વળી ઠીક થયું કે કિશોરલાલને કમળા જેવી સ્ત્રી મળી; કારણ એને તો—એ એકલો હતો ત્યારે પણ—

પોતાના પગારમાંથી એક પાઈ પણ બચાવવી મુશ્કેલ થઇ પડતી હતી.

થોડા વખતમાં જ પોતાના પતિની આવા પ્રકારની ખામી કમળાના જાણવામાં આવ્યા વિના રહી નહિ. કિશોરલાલ પોતાનો બધો પગાર દરમાસે ખરચી નાખેછે એમ જાણવામાં આવ્યાથી જ તેને મનમાં ક્ષોભ થવા લાગ્યો; કારણ કે તે જાણતી હતી કે સઘળા દિવસ કાંઇ એક સરખા જતા નથી. આથી મુંબાઇ જેવા શહેરમાં પતિ પત્નીમાંથી એકાદની પણ પ્રકૃતિ દૈવવશાત્ જો બગડે તો તેવે વખતે ભારે મુશિબત નડે. કદાપિ પ્રભુ કૃપાએ શરીર આરોગ્ય રહે તોપણ થોડા વખત પછી વખતે પોતાના કુટુંબમાં વૃદ્ધિ થવાનો પણ સંભવ હતો અને વખતે પોતાના પતિની નોકરી આવા ખાનગી ખાતામાંથી બંધ થાય અથવા થોડા વખતને માટે અટકે, એવો પણ ભય હતો જ. આવે સમયે કાંતો ખરચ વધે અથવા આવક બંધ અગર ઓછી થાય; અને તેથી પગારમાંથી કાંઈ પણ બચાવી રાખ્યું ન હોય તો તે વખત મહા વિપત્તિ આવી પડવાની ધાસ્તી થાય!

આ ઉપરથી તેણે એક દિવસ ફેરિયા પાસેથી એક નાની ટીનના પતરાની બનાવટીની પેટી—નાનાં છોકરાંના

રમકડા જેવી—વેચાતી લીધી અને કિશોરલાલની ઘરમાં આવતાં જ તેના ઉપર નજર પડે એવી જગાએ તે મૂકી.

"કેમ આ શું લીધું છે?"—સંધ્યાકાળે કિશોરલાલ ઘેર આવ્યો અને તેણે મેડીમાં પેસતાં જ કમળાને પૂછ્યું.

"માળામાં આ નાનું સરખું રમકડું–વેચાવા આવ્યું હતું તે–" કમળાએ મોં મલકાવી જવાબ દીધો.

"પણ એનું તું કરીશ શું?" તેણે ફરીથી પૂછ્યું.

"હા. હું જરા દાખલા સાથે બતાવું છું," તે પત્ની સ્મિત કરતી બોલી, "ગજવામાં એકાદ પૈસો પડયો છે?"

કિશોરલાલે એક પૈસો કાઢીને આપ્યો. કમળાએ તે લઇ પેટી ઉપરના પૈસા નાંખવાના એક નાના કાણામાંથી અંદર નાંખી દીધો.

કિશોરલાલ ખડખડાટ હશી પડયો.

"ઓહો! હવે તો તું પૈસા ભેગા કરવા મંડી; કેમ કંજુસાઈ એ સદ્‌ગુણ છે?"

"ના. ના.–પણ કરકસર તો છે જ. અને જો તમને બહુ અગવડ કે અડચણ ન હોય તો દરરોજ સવારમાં આ પ્રમાણે કરવાનું તમને હું પુછવાની હતી."

"હેં! દરરોજ આમાં એક પૈસો નાંખશે ?"

"હા. મને નથી લાગતું કે એમાં તમને બહુ હરકત પડે."

" ના, ના; અકેકો પૈસો નાંખવો એમાં હરકત શાની પડવાની હતી ?—એક પૈસો કાંઇ બહુ મોટી રકમ નથી. પણ આ પ્રમાણે જે રૂપીઆનો ઢગલો એકઠો થશે એનું શું કરવું ધાર્યું છે, તે તો કહીશને ? "

" હા; તંગી વખતે તે કામમાં આવે. "

કિશોરલાલ પાછો હશી પડયો.

" આમ દરરોજ અકેકા પૈસા લેખે વર્ષ આખરે કેટલો સંગ્રહ થશે ? "

કમળાએ ગંભીરાઇથી જવાબ દીધો: " વર્ષ આખરે દરરોજ અકેકા પૈસા લેખે લગભગ છ રૂપીઆ જેટલી રકમ થાય કેમ ખરૂંને ? "

" હવે, ચાલ; ગમે તે થાય હિસાબ મરવા દે! આખો દહાડો એની એજ ભાંજગડ ઓફિસમાંએ કરવી જ પડે છે અને ઘેર પણ એનું એ ? "

" પણ આમ કરવામાં તો તમને કાંઇ પણ વાંધો નથીજ નેં ? "

" ના રે ના. જરાએ નહિ. એક પૈસામાં શું છે તે હું ના કહું. વળી તું ઓછી જ નાંખી દે છે! આ તો બચાવની વાત છે. મારે પણ કબૂલ કરવું જ પડે છે કે એ ડહાપણભરેલી અને ઉપયોગી યોજના છે. પણ તું

જાણે છે જ તો, કે મારૂં મગજ એવી વ્યથાઓમાં ઉતરતાંજ કંટાળે છે.”

“હા. એતો ખરૂંજ છે?” કમળાએ જરા હસીને જવાબ દીધો.

આ યુવાન પત્નીએ શરૂ કરેલી યોજના બરોબર અમલમાં આણી. ધારેલું કામ શરૂ કરીને પછી થોડા જ દિવસમાં પડતું મૂકે, એ દુર્ગુણ જે ઘણાં મનુષ્યોમાં જોવામાં આવે છે, તેના પંઝામાંથી એને નાનપણનાં સુશિક્ષણ અને અનુભવે બચાવી લીધી હતી. આ બાબતમાં પોતાની ધારણા તદન સારી અને ઉપયોગી છે એમ નિશ્ચય કર્યા પછી જ તે તેણે શરૂ કરી હતી; અને શરૂ કર્યા પછી તે પોતાનો ઉત્સાહ મંદ થવા દે અથવા પોતાની યોજના પૂર્ણ રીતે અમલમાં ન આણે એવી તેની પ્રકૃતિ ન હોવાથી, તે તેમાં ઘણી સારી રીતે ફતેહ પામી.

દરરોજ તે પોતાના પતિ પાસેથી એક પૈસો લેતી અને પેટીમાં નાંખતી. વખતે છુટો પૈસો ન હોય તો ઢબુ પણ નાંખવાને ચૂકતી નહિ. કવચિત્ કવચિત્ ઘરમાં પૈસા વધુ આવ્યા હોય તે વખતે તે બે આની અગર પાવલી પણ પેટીની અંદર નંખાવતાં આંચકો ખાતી નહિ અને જ્યારે કિશોરલાલ

જરા વાંધો કાઢવા જેવું કરે ત્યારે હસતે મોંએ એનું કાંઇ કાંઇ બોલતી કે એનો બધો વાંધો સત્વર ઉડી જતો.

કોઈ કોઇ વાર કિશોરલાલ તેની સંગ્રહપેટી અને કંજુસાઈની મજાક કરતો, પણ એ બધું એ હસતે મોંએ જવાબ દીધા વિના સહન કરતી. આથી કિશોરલાલ શાંત પડતો અને દરરોજ પેટીમાં પૈસા પડવામાં કદી અડચણ આવતી નહિ. વળી ખરી રીતે આમ એક પૈસો જ કમળાના આ સંગ્રહમાં પડતો નહોતો. કિશોરલાલ તેને લૂગડાં વગેરેને માટે સારી રકમ પ્રતિવર્ષ આપતો હતો; કમળા પોતાનાં તથા પતિનાં લૂગડાં હાથે જ શીવતી, અને તેથી તે ઘરમાં ઘણે થોડે ખરચે લૂગડાંલત્તાંનું સઘળું ખર્ચ પતાવીને બનતી રકમ બચાવી તે રકમ પણ સંગ્રહ પેટીમાં તે નાખતી.

આ સઘળી કરકસર ઉપરથી હિસાબ ગણતાં તેને જણાયું કે; 'હું પણ દરરોજના પૈસા જેટલી વાર્ષિક રકમ આ સંગ્રહમાં ઉમેરી શકીશ'—પરંતુ આ સઘળું કિશોરલાલને નહિ જણાવતાં, કોઇક વખત પોતાના સંગ્રહની એકઠી થયેલી :રકમથી તેને આશ્ચર્ય પમાડવાનો તેણે નિશ્ચય કર્યો.

દર માસની છેલ્લી તારીખે આ ટીનની પેટી ખાલી કરવામાં આવતી અને કમળા તેમાંના એકઠા થયેલા સંગ્રહને

પોસ્ટઓફિસની સેવિંગ્ઝ બેન્કમાં સાધારણ વ્યાજે મૂકી આવતી. આ રકમમાં પોતાનો પતિ જે તેને હાથ ખરચીને માટે વારંવાર નાની મોટી રકમો આપતો તે તથા એવી બીજી પરચુરણ મળીને જ્યાં સારી રકમ થતી કે, કમળા, જેનામાં કામકાજની સારી માહિતી તથા હોંશિયારી હતી, તે વધારે સારૂં વ્યાજ ઉપજે એવી રીતે તે સંગ્રહિત થયેલાં નાણાંની વ્યવસ્થા કરતી. આ પ્રમાણેની તેની ગોઠવણ વિષે તો તેનો પતિ તદન અજ્ઞાત જ હતો. તે એક આનંદી, બેદરકાર, ભલો માણસ હતો. અને આવતી કાલની વાત તે વખત થઈ રહેશે એમ માની, ભવિષ્ય વિષે જરા પણ વિચાર દૃષ્ટિ ફેંક્યા સિવાય વર્તમાનમાં જ નિરાંતે મઝા મારી લેવી, એવી જ વૃત્તિઓ તેનામાં દૃષ્ટિગોચર થતી.

આમને આમ આઠેક વર્ષ--નિરાંત, સુખ અને આરામમાં --વહી ગયાં! તબિયત સુખ શાંતિમાં રહેતી હતી અને બંનેનો પ્રેમ પરસ્પર એવો ને એવોજ સુદૃઢ હતો. કમળાને કાંઇપણ ફરજંદ થયું નહતું, તેમ તે બાબતની--સામાન્ય જનમંડળમાં જોવામાં આવે છે એવી-જરા પણ ચિંતા આ પતિપત્નીને હતી નહિ. અને જો કે કિશોરલાલનો પગાર પચાસ રૂપીઆ થયો હતો તોપણ--તેને માથે કાંઇપણ દેવું થયું નહતું તેમ-તેની પાસે કાંઇ પણ પૈસો એકઠો થયો

નહતો. આઠ વર્ષની આખરે હિસાબની ચોપડી જોતાં આઠ પાઈ સીલક રહેલી માલૂમ પડી.

" આહા ! સરભરજ ચાલ્યું આવતું લાગે છે નેં ? " તેણે કમળા તરફ હસતે મોંએ ફરીને કહ્યું. " હજી હું દેવામાં ઉતર્યો નથી એટલો તો હોંશિઆર છુંજ. પણ તેં તો કદાચ મોટી રકમ એકઠી કરી હશે. ? "

" કેટલી મોટી ? " તે પત્નીએ પૂછ્યું.

" હે ! વખતે સોએક રૂપીઆ પણ હોય ! પણ સો રૂપીઆ એકઠા કરવાને પૈસા તો બહુ જ જોઇએ. "

કમળાએ મ્હોં મલકાવ્યું, પરંતુ તેણે આ બાબતનો જરાએ ખુલાસો કરવાની વૃત્તિ બતાવી નહિ.

આમને આમ સરભર ખાતું વળી બીજા ત્રણેક વર્ષ ચાલ્યું. એવામાં સને ૧૮—નું શેરની ગાંડાઇનું વર્ષ આવી પહોંચ્યું ! આ વખત જેમની સ્મૃતિમાં હશે તેમને તો ખબરજ છે કે દરેક ધંધાને તથા દરેક પ્રકારના કારખાનાને તે વખતે સખ્ત ધોકો લાગ્યો હતો અને એમાં કિશોરલાલના કારખાનાને પણ આ અસાધારણ વ્યાપારની " મંદી " ની અસર થઈ.

એક સાંજે, તે ખરેખરો વિચાર નિમગ્ન ઘેર આવ્યો;—

આવું ચિંતાશિલતાનું ચિહ્ન તેના ચહેરા ઉપર ક્વચિતજ જોવામાં આવતું.

કમળાને વખતની બારીકીની ખબર હતી, અને પોતાના પતિના ધંધાને પણ આવા હાડમારીના સમયમાં સખત જોખમ લાગશે એમ પણ તે ધારતી હતી.

"શું છે—કાંઈ નવુંજુનું થયું છે?" તેણે જરા સ્મિત કરીને પૂછ્યું.

"હા. જરા એમ છે ખરૂં. આપણે વધારે કરકસરથી ખર્ચ કરવું પડશે."

"કારખાનામાં ધંધાને કાંઇ જોખમ લાગ્યું લાગે છે?"

"હું તો ધારૂં છું કે થોડા વખતમાં ધંધાને એક જબરો ધક્કો લાગશે. હમણાં થોડાક વખત સુધી મને અડધો પગાર જ મળશે; તે પણ વખત જતાં બંધ થવાની વકી છે. તને ખબર નહિ હોય કે બધી જાતના કામને 'શેર મેનિયા' (શેરની ગાંડાઇ)થી કેટલું નુકસાન થયું છે."

"હા; મને એ બધી બાબતની ખબર છે." કમળાએ સ્વસ્થ ચિત્તથી જવાબ દીધો: "હું પેપરો બરાબર વાંચુ છું, એટલે આવા પ્રકારની વાત લક્ષ બહાર જતી રહેવાનો સંભવ ઘણો જ થોડો છે. અને હું પણ કારખાનાને વહેલું મોડું પણ જોખમ લાગશે એમ ધારીનેજ બેઠી હતી."

" ત્યારે તને લાગે છે કે આપણે આપણું ખરચ અર્ધું કરી શકીએ ?" કિશોરલાલે અનિશ્ચિત અવાજથીપૂછ્યું.

" હા; હું ધારૂં છું કે તેમ કરવું મુશ્કેલ નથી. આપણાં બંને જણુને પૂરતાં કપડાં છે એટલે એકાદ વર્ષ સુધી તો એક પણ નવું કપડું લીધા સિવાય ચાલશે. આથી જાણે એક મોટું ખર્ચ તો ઓછું થશે જ અને પછી જાણે-તમે વખતો વખત મારે માટે કાંઈ સારી નવી નવી વસ્તુઓ જૂઓ છો અને તે લાવો છો એ બંધ કરશો—એટલે આપણે સાદાઇથી સારી રીતે રહી શકીશું, અને સ્વાદિષ્ટ ખોરાક પાછળ કંઈક ખર્ચ ઓછું કરીશું, એટલે તમારા અર્ધા પગારમાંજ ખર્ચ નભી રહેશે. વળી સાદા ખોરાકથી શરીર પણ વધારે તન્દુરસ્ત જ રહેવાનો સંભવ છે. "

" તું પણ જબરી હિસાબી મગજવાળી છે, હોં ! " કિશોરલાલે મનમાં વધારે સ્વસ્થતા પામી કહ્યું. " તેં કહ્યું એ ઉપરથી તો એમ જ લાગે છે કે અર્ધા પગારથી કામ ચલાવી લેવું તે એટલું બધું અઘરૂં નહિ થઇ પડે. હમણાં તો ચાલશે જ પણ—" તેણે પાછું વિચારમય મુખમુદ્રાથી કહ્યું:—" પણ પછી જો કદાચ કામ સમૂળગું બંધ પડે તો શું કરીશું ?—એમ થાય તો તો, મને પણ નથી લાગતું કે તું આપણું ખર્ચ પગાર સિવાય જ ચલાવી શકે. "

"ના, ના; એટલું બધું કરવું એ મારી શક્તિની બહાર જ છે," કમળાએ હસીને ઉત્તર આપ્યો: "પણ એમ થાય તોપણ વિશેષ ચિંતાનું કાંઈ કારણ નથી. તમે આપણી સંગ્રહ પેટી ભૂલી ગયા?"

"ખરે! એ તો મને સાંભરી જ નહિ." કિશોરલાલે કહ્યું: "પણ તોયે શું થયું? એથી તો બહુ થાય તો વળી એકાદ મહિનો ખેંચી કઢાય!

કમળાએ મોં મલકાવ્યું.

"પણ તમે શાથી જાણ્યું કે એકાદ મહિનામાં પાછું કારખાનું થાળે નહિ પડે?"

"હા. એ તો ખરૂં છે;" કિશોરલાલે કહ્યું: "મને પણ લાગે છે કે એકાદ મહિનામાં તો પાછું બધું ઠેકાણે પડશે. એટલે હવે એ બાબત હાલ-વધારે મિથ્યા ફિકર કરવાની કાંઇપિણ જરૂર નથી!"

પણ તેની ફિકર આખર ખરી ઠરી! એકાદ માસમાં તો સઘળાં કારખાનાં બંધ થઇ ગયાં અને માણસોને અર્ધો પગાર પણ મળતો અટકી પડયો; સઘળા નોકરોને થોડા વખતને માટે તો ઘેર જ બેસવું પડયું!

જો કે આમ થશે એવી તેને ધાસ્તી હતી તોપણ-જ્યારે તે પ્રમાણે તાદશ થયું ત્યારે કિશોરલાલ પાછો

નિરાશ અને ચિંતાશીલ થઇ ગયો. તેણે કમળાને આ વિપત્તિની સર્વ હકીકત કહી સમજાવી. " અને વળી તેમાં સહુથી મોટું દુઃખ એ છે કે આવતા શિઆળા સુધી કામ ફરીથી ઉઘડે એમ લાગતું નથી. " તેણે નરમ ચહેરે કહ્યું.

" પણ તમને ખાત્રી છે કે શિઆળામાં કામ પાછું શરૂ થશે જ ? " તેની પત્નીએ પૂછ્યું.

" હાસ્તો. ત્યાં સુધીમાં તો કામ ફરીથી શરૂ થવું જ જોઇએ. પણ આપણે ત્યાં સુધીમાં–પાંચ છ મહિના શું કરવું, એ બાબતની મને કાંઇ પણ સમજણ પડતી નથી. "

" પણ મને સમજણ પડે છે. " કમળાએ શાંન્ત મુખાકૃતિથી ઉત્તર દીધો.

" તને ? " તેનો પતિ આશ્ચર્યથી બોલી ઉઠયો.

" હા. તમારી વાર્ષિક ઉપજ છસેં રૂપીઆ કરતાં તો વધારે હતી જ નહિ, એટલે મને લાગે છે કે આપણે અઢીસો રૂપીઆમાં છએક મહિના તો સારી રીતે ચલાવી શકીશું જ."

" હા, હા; એ તો નક્કી જ છે. પણ એટલા બધા રૂપીઆ લાવવા ક્યાંથી ? મારો દેવું કરવાનો તો વિચાર જ નથી; અને કદી તેમ કરવાનું ધારૂં તોપણુ મને રૂપીઆ ધીરે કોણ ? "

" સારે ભાગ્યે તેમ કરવાની કાંઇ પણ જરૂર નથી." કમળાએ જવાબ દીધો, " તમે પાછી આપણી નાની સંગ્રહપેટી ભૂલી ગયા લાગો છો."

" પણ એમાંના પૈસાના અઢીસેં રૂપીઆ થયા છે?" કિશોરલાલે આશ્ચર્ય પામતાં પૂછ્યું.

" હા. અને બીજા છસેં રૂપીઆ."

" તું મશ્કરી કરે છે?"

"જરા ઉભા રહો એટલે તમારી ખાત્રી કરી આપું."

કમળાએ પોતાની પેટી ઉઘાડી અંદરથી એક બે બેંકની ચોપડીઓ કાઢી લગભગ નવસેં રૂપીઆ જેટલી રકમ કિશોરલાલને બતાવી.

" હેં ! ખરૂં કહે છે કે તું પીએરથી કાંઇ સારી રકમ નહોતી લાવી ?" તેણે પૂછ્યું " ખરે ! નિત્યના એકેકા પૈસાથી તો આટલી મોટી રકમ એકઠી નહિ જ થઈ શકી હોય !"

" ના; પણ નિત્યના બે પૈસા અને વખતો વખતની નાની મોટી વધારાની રકમોના સંગ્રહનું જ આ ફળ છે. મને લાગે છે કે હવે તો આપણે છએક મહિના ખેંચી કાઢી શકીશું, કેમ ખરૂં કની ?" કમળાએ આંખોના મસ્તીખોર ચાળા કરીને હસી પડતાં કહ્યું.

"ખરેખર ! આ સઘળું તારા ડહાપણનું અને શાણપણનુંજ ફળ છે!" કિશોરલાલે આભારની દૃષ્ટિથી તેની સામું જોઇ જવાબ દીધો.

કિશોરલાલવાળું કારખાનું વસંતઋતુમાં પાછું ઉઘડયું. કામ તાજું થઈ બરાબર ચાલવા લાગ્યું, અને તેનો પહેલાંનો પગાર પાછો તેને મળવો શરૂ થઇ ગયો. કમળાના સંગ્રહમાંથી એ તૃતિયાંશ હજી બાકી હતો, અને હવે પછીથી કિશોરલાલ પણ તેમાં વધારો કરવાને કમળા કરતાં કાંઈ ઓછો ઉત્સુક નહતો.

પેલી નાની સંગ્રહપેટી હજી પણ એની એ જગોએ છે અને નિત્યનો પૈસા લેવાને ચૂકતી નથી. ઉપરાંત વળી કિશોરલાલ પણ પ્રતિમાસે તે સંગ્રહમાં પોતાના પગારમાંથી દસ રૂપીઆની રકમ ઉમેરતો રહેછે અને કમળાને થોડા વખત ઉપર થયેલાં બે બાલકો—એક પુત્ર અને એક પુત્રી—નાં ભવિષ્યનાં ખર્ચો પણ તેમાંથી ઘણી સારી રીતે નીકળી જશે એમ આશા રાખી શકાય છે.

સંપૂર્ણ.

ઘરજમાઈ.

"પતિ એ જ પત્નીનું પરમ દૈવત છે."

ભગવાનરાય દેશાઈ રાજપુરમાં નગરશેઠના કુટુંબના હતા. પેઢી ઉતાર સાત પેઢીથી વૈભવ તેમને ઘેર ચાલ્યો આવેલો, તેમ અઢળક પૈસો બાપદાદાની વારીથી ઉતરી આવેલો એટલે નાત, જાત અને ગામમાં દેશાઈનું કુટુંબ પૈસામાં તેમ કુળમાં બંને રીતે ઉત્તમ ગણાતું હતું. ભગવાનરાય દેશાઈ પોતે પણ ભણેલા ગણેલા, બુદ્ધિમાન, સત્કીર્તિવાળા, સારી આબરૂવાળા, તેમ રાજા-પ્રજા બંનેથી માન પામેલા હતા; કુટુંબવર્ગમાં-સ્નેહીવર્ગમાં, મિત્રવર્ગમાં એવી સેવકવર્ગમાં સર્વની લાગણી તેમના પ્રતિ સારી હતી. દેશાઈ દયાળુ પણ હતા અને ગરીબ ગરબાં વગેરેને યોગ્ય આશ્રય આપતા. આ

ઉપરાંત તે શ્રદ્ધાળુ પણ હતા. માણસ ગમે તેટલો સદ્‌ગુણથી યુક્ત હોય તોપણ તે સંપૂર્ણ તો નથી જ. તેના કાંઇક દોષતો હોય જ. દેશાઇના કુટુંબમાં પરંપરાથી એવો ધારો ચાલતો આવેલો કે કુટુંબની કન્યાને રૂપાળા પરંતુ ગરીબ વરને શોધી પરણાવવી અને પછી જમાઇ ઘરજમાઈ કરીને રાખવો કે પછી કન્યાને બહાર–સાસરે મોકલવા વારો આવે જ નહિ. દેશાઈ ગમે તેટલા સુધારાના સાથી અને અંગ્રેજી વિદ્યાથી વિભૂષિત હોવા છતાં બાળપણથી જ આ ધારો ઉત્તમ છે, એવું તેમના મનમાં ઠસી ગયેલું એટલે તે રિવાજને તે ફેરવી શકયા ન હતા. ફેરવવા–તેની વિરુદ્ધ વર્તન કરવા તેમણે પ્રયત્ન પણ કર્યો ન હતો. આથી જો તેમની બંને કન્યાઓનાં લગ્ન ગરીબ કુટુંબના કોઈ રૂપાળા વરસાથે થયાં હોય તો તે આશ્ચર્ય જેવું નથી.

આપણી વાર્તાને દેશાઇની નાની કન્યાસાથેજ સંબંધ છે. તે કન્યાનું નામ લલિતા હતું અને તેને એક ગોપાળ દાસ નામના ગરીબ પણ સ્વરૂપવાન યુવાન સાથે પરણાવવમાં આવી હતી. ગોપાળદાસ આ વખતે કોલેજમાં અભ્યાસ કરતા હતા. જો કે તેના બાપદાદા પહેલાં તો સારી સ્થિતિના

અને દેશાઈ કરતાં પણ વધારે કુળવાન હતા; તો પણ પટેલની નાત, મોટાઈ સાચવવી, બે ચાર કન્યાઓ થઈ, ભારે ખર્ચ કરવાં પડયાં—આથી હાલ ગરીબ અવસ્થાએ ગોપાળદાસના પિતા આવી પડયા હતા. આમ હોવાને લીધે, દેશાઇનું માગું થતાં ઘણીજ ખુશીથી, ગોપાળદાસના બાપે તે સ્વીકાર્યું અને લગ્ન થયાં.

" જીવ ચાહે કંઈ ને થાય કંઇ."
" હરિની માયા સમજાય નહિ. "

દેશાઇની વૃત્તિ તો જમાઇને ઘરજમાઈ તરિકે રાખ-વાની અને પુત્રિને નયન આગળથી ન ખસેડવાની ઘણીએ હતી પરંતુ પરિણામ ઉલટું આવ્યું.

લગ્ન થયા પછી ચાર વર્ષે આપણી વાતનો આરંભ થાય છે. ગોપાળદાસે બી. એ. ની પરીક્ષા પણ પસાર કરી છે. હવે માત્ર એલ. એલ. બી. ની એકજ પરીક્ષા બાકી છે. ઉનાળાની—બે માસની રજા પહેલી હોવાથી તે સમય તે પોતાની શ્રીસહવાસ ગાળવા ધારે છે; પણ પોતે ગરીબ

હોવાથી તેના સસરા પોતાને ત્યાં નહિ મોકલે એ વિચાર થતાં દિલગીર થાય છે. લગ્ન થયા પછી તે બે ચાર વાર પોતાના સાસરે તો ગએલો પણ તે બહુ તો દરેક પ્રસંગે ચાર પાંચ દિવસ માટે જ. ઘરજમાઈ તરીકે સાસરામાં રહી પરતંત્રતામાં—પરાધીનપણે રહેવું તેને જરાયે પસંદ નહતું. તેમાં તો તે હિણપદજ માનતો હતો. સ્વતંત્ર કેળવણી તેણે લીધેલી—કાયદાથી પણ થોડે ઘણે અંશે જાણીતો અને ગરીબ કુટુંબનો છતાં પોતાની મહેનતે પોતાનું ગુજરાન સારી રીતે નભાવી શકે તેવો તે હોવાથી તે હવે સસરાને ત્યાં મફતનું ખાઈ મોજ મારે તેવા વિચારનો નહતો. પોતાની સ્ત્રીને તેડવા જવાનો તેને વિચાર થયો, નિશ્ચય થયો અને તેણે તેને અમલમાં મૂકવા ધાર્યું. આથી પોતાની સ્થિતિને અનુકુળ સાદાં વસ્ત્રે તે પોતાના સસરાને ત્યાં જવા નીકળ્યો.

સાંજના આશરે પાંચ વાગ્યા હશે, તે વખતે તે પોતાના સસરાને ત્યાં આવી પહોંચ્યો. દેશાઈનું મકાન એક ભવ્ય મહેલ જેવું હતું. મોટા દરવાજો ઓળંગી બીજો નાનો દરવાજો ઓળંગીએ તો અંદર જવાય. મોટા માણસોને ત્યાં

અવરજવર બહુ જણની હોય છે. જુદી જુદી સ્થિતિના— પોતપોતાને કામે ત્યાં આવે છે. ગોપાળદાસને મોટા દરવાજો વટાવી અંદર જતાં તો કોઇએ ન રોકયા. પણ અંદરનો દરવાજો જે ખાસ કુટુંબીવર્ગ માટે જ ખુલ્લો હતો અને જેમાં સ્ત્રીવર્ગ વગેરેને રહેવાનું હતું ત્યાં જતાં, ત્યાં હાજર રહેલા નોકરે તેમને અંદર જતાં અટકાવ્યા અને અપમાન જેવું પણ સહેજ કર્યું. ગોપાળદાસને એકવાર તો પોતાનાં સાદાં કપડાં ઉપર ક્રોધ આવ્યો પણ તરત જ તેમને પોતાની સ્થિતિનું ભાન થયું અને મન ઉપર અંકુશ મૂકતાં તેમણે સેવકને એકદમ આજ્ઞા કરી કે:—" જા અંદર જઇને ખબર આપ કે તમારા જમાઈ ગોપાળદાસ આવ્યા છે."

કોઇ ગાંડો બારણે બકે છે એમ માનતા અને તેથી ખડખડાટ હસી ઉઠતા નોકરના એ ચાર શબ્દો ગોપાળદાસે સાંભળ્યા હોત કે એ ધક્કા પણ ખાધા હોત; પણ સારે ભાગ્યે એક સ્ત્રીનોકરનું ત્યાં એકાએક આવવું થયું. ધન્ય છે સ્ત્રીઓનાં નેત્રને! શાબાશ છે તે વર્ગની નિગ્રહ-સ્મરણ શક્તિને! તેણે તરત જ ગોપાળદાસને ઓળખ્યા. " પધારો,

પધારો," કહી ઓવારણાં લીધાં અને યોગ્ય સન્માન આપ્યું. નોકર બીચારો આથી ગભરાયો. તેને પોતાની ભૂલ જણાઇ. નીચો નમી એક સારી—વિનયભરી સલામ કરી તરત જ અંદર ખબર કહેવા દોડયો.

એક ક્ષણવારમાં ચાકર—નફરનો વર્ગ ભરાઇ ગયો અને માન સાથે ગોપાળદાસને અંદર લીધા. જ્યારથી તેમનાં લગ્ન થયાં ત્યારથી જ તેમને માટે એક જુદું દિવાન-ખાનું નક્કી કરવામાં આવ્યું હતું. તેમની સેવા ઉઠાવવા ખાસ નોકરોની પણ ગોઠવણ થઇ હતી. તેમના પોતાના દિવાનખાનામાં તેમને લઈ જવામાં આવ્યા. એક નોકર પગ ચાંપવા તો બીજો પવન ઉડાડવા મંડયો. બહારગામથી શ્રમિત થઈ આવેલા ગોપાળદાસને થાક ઉતારવાના સર્વ ઉપચારો થયા. પાણી પણ નોકરે લાવી મૂક્યું. સાબુ રૂમાલ તો સાથે હોય જ. થોડી જ વારમાં વાળુને માટે બોલાવવામાં આવ્યા. ઉત્તમ ભોજન ખાસ તૈયાર કરવામાં આવ્યું હતું. પ્રસંગને યોગ્ય સર્વ ક્રિયાઓ ગોપાળદાસે કરી પણ તેમણે પોતાનાં વસ્ત્ર ન બદલ્યાં. રાત્રિ પડી અને તેમને માટે જ

નક્કી થયેલા શયનખંડમાં તે પધાર્યા.

લલિતાને મળવાને તે ઘણા જ ઉત્સુક હતા. લલિતા ખરેખર લલિત જ હતી. સુકુમાર કન્યા, સર્વાંગે સંપૂર્ણ, રૂપાળી પણ ખરી, ભર યુવાયે પહોંચેલી, અમૂલ્ય આભૂ-પણોથી ઓપિત અને હિરામાણેકાદિના અલંકારોથી અલં-કૃતા તે એક રંભા અથવા દેવની અપ્સરાને પણ લજવે એવી એક મશરૂની ગાદીવાળા અને સાટિન–કિનખાબના ઓશિકાવાળી અને શ્વેત ચાદરથી આચ્છાદિત થયેલા, રૂપાની સોટીઓથી લટકતા ઝુલાએ હીંચતી બેઠી હતી.

હોંસભર્યે મુખે ગોપાળદાસે શયનખંડમાં પગ મૂક્યો. તરત જ તેમના વિચારો મનમાંજ ઠુઝ્યા. લલિતાનું મુખ તેમણે ચઢેલું જોયું. તેમના પગ ઢીલા પડયા. તોપણ ધૈર્ય ધરી તે આગળ વધતાં હીંચકા નજીક આવ્યા. તરત જ લલિતા ઉભી થઇ, ગોપાળદાસે તેનો હાથ ઝાલવા પ્રયત્ન કર્યો પણ તે તરછોડતાં બોલીઃ—“ખસો. ખસો. કપડાં બદલો. કેવાં મેલાં અને ગંદાં છે, ગંધાય છે. આતે કેમ ખમાય? નરી માથુ ફાટે તેવી ગંધ!”

સ્ત્રી જાતીમાં અનેક સદ્ગુણ હોવા છતાં તેમનામાં રહેલો એક દોષ સહજ જ દષ્ટિએ તરી આવ્યા શિવાય ભાગ્યે જ રહેશે. આ દોષ એ છે કે, તે સર્વની સ્થિતિ પોતાના સરખી જ કલ્પવાના સ્વભાવવાળી હોય છે. આથી વૈભવમાં ઝુલતી લલિતાના મુખમાંથી ઉપર કથિત શબ્દો નીકળે તો તેમાં બહુ આશ્ચર્ય જેવું નથી.

ગોપાળદાસે પોતાની સ્થિતિની, તેને યોગ્ય વ્યવહારની, લલિતાના કર્તવ્યની—પોતાના ત્યાં આગમન કારણની, વગેરે વાતો એક પછી એક કહી. ગોપાળદાસ અને લલિતાની દલિલોનું પરસ્પર વાક્યુદ્ધ ચાલ્યાં જ કર્યું; તેનો અંત આવે તેમ નહોતું. ગોપાળદાસને ઘરજમાઇ તરીકે રહેવા અને વૈભવ ભોગવવા લલિતાએ કહેવામાં પણ બાકી ન રાખ્યું.

સુખે દુઃખે રાત્રિ ચાલી ગઇ.

પ્રાતઃકાળ થયો. દેશાઇને મળવાનો પ્રસંગ પણ ગોપાળદાસને સવારમાં જ મળ્યો. બીજી ત્રીજી આડી અવળી વાર્તા કરતાં આખરે મુદ્દાની વાત ગોપાળદાસે છેડતાં નીચે પ્રમાણે પરિણામ આવ્યું.

" શું તેડી જવાની વાત કરો છો ? ગોપાળદાસ તમારૂં મગજ ઠેકાણે નથી કે શું ? શું તમારા ઝુંપડાંમાં લઈ જઇને તેને મારી નાંખવી છે ? ના. ના. હું તેમ તો તેનો ભોગ નહિ જ આપું !"

" અલબત્ત, હું કબુલ કરૂં છું કે મારૂં ઘર આપના જેવા મહેલરૂપ નથી. તોપણ **સ્ત્રીને તો પોતાના પતિની જ્યાં શય્યા તેજ પોતાનું સ્થાન હોવું જોઇએ.** પછી, કાં તો તે શહેરમાં હો, કે જંગલમાં, મહેલમાં હો, કે ઝુંપડામાં. આપે લગ્નમાં તેનું દાન મને આપ્યું છે. તે વખતેજ આપ જાણતા હતા કે હું ગરીબ છું. આપે તે વખતે મારા ઉપર કરેલા ઉપકારનો સ્વીકાર કરતાં પણ, જે વસ્તુ મારી છે તેના ઉપર તો હું હક્ક ધરાવી શકું છું. માટે મારે તો મારે ત્યાંજ મારા ઝુંપડામાં તેડી જવા વિચાર છે. "

" છીઃ છટ, એક ગાંડાની પેઠે શું બકો છો ? અલબત્ત, વ્યવહારની ખાતર-કાયદાની રૂએ પણ હું જાણુંછું કે તમે તેને લઈ જઈ શકો. પણ તેથી કાયદો કે વ્યવહાર

કાંઈ એમ નથી કહેતાં કે તમે તમારી વસ્તુને મારી નાંખો. તેને કેવી સંભાળથી ઉછેરી છે તે તમે જાણો છો. તમારી સાથે ઝુંપડામાં આવતાં તે તુરત મરી જશે. હું તેને મરવા તો નહિ જ મોકલું. હું અત્રે આવી રહેવા તમને વારંવાર કહું છું. હજી પણ મારી એ જ વિનંતિ છે. અહીં કોઈ વાતની ઇશ્વર કૃપાએ ખોટ નથી. ખાઓ, પીઓ, આનંદ કરો. તમારે ધંધો કરવો હોય તો તે અહીં રહીનેજ કરો. પણ લઇ જવાની વાત તો કરશો જ નહિ ! હા. જ્યારે તમે, જે રીતથી પંદર વર્ષથી તેને ઉછેરવામાં આવી છે તેવીજ રીતે તેને રાખવા જેવી સ્થિતિવાળા થાઓ ત્યારે બેશક લઈ જજો. પણ ત્યાં સુધી નહિજ. તે દુઃખ વેઠવા જન્મી નથી. એમ નક્કી ધારજો કે તમે તમારૂં પોતાનું ધાર્યું કરો તો પછી અહીંથી મદદની આશા ન રાખશો. ”

વાચક ! આપણે ત્રણે–દેશાઈ, ગોપાળદાસ અને લલિતા—ના વિચારો જાણ્યા. વધારે શું બન્યું તે ઉપયોગનું નથી. માત્ર એટલુંજ પૂરતું છે કે ગોપાળદાસે આખરે કહ્યું:—

“ ત્યારે સાહેબ સલામ, આપ આપને ત્યાં મરજી

પડે ત્યાંસુધી રાખશો. આપ ઇચ્છો છો તેવી સ્થિતિ જ્યારે મારી થશે ત્યારે હું તેડવા આવીશ; પણ આપ જાણો છો કે આ કઠણ સમયમાં તેવી સ્થિતિ મેળવવી એ કાંઇ સહેલું નથી. તેથી કદાપિ મારો અત્રે આવવાનો પ્રસંગ ના પણ આવે."

એક શબ્દ પણ બોલ્યા વગર તે ત્યાંથી ચાલી નીકળ્યા. લલિતાને પણ તેમણે ન જણાવ્યું. જો કે મળ્યા વગર જ તે ચાલ્યા ગયા તેથી મનમાં કાંઇક લાગ્યું તો ખરૂં.

આજે તે વાર્તાને ચાર પાંચ વર્ષ થઈ ગયાં છે. ગોપાળદાસે બી. એ. એલ. એલ. બી. હાઇકોર્ટ વકીલની પરીક્ષા પાસ કરી છે; એટલુંજ નહિ પણ એકાદ વર્ષથી તો તેમને સુરતમાં ન્યાયાધિશની સારી પદવી મળી છે.

તોપણ તેમણે લલિતાને તેડાવી નથી. તેની શી સ્થિતિ થઇ તે હવે આપણે જોઇએ. ગોપાળદાસના જતા રહેવાથી તે ઘણીજ ગુસ્સે થઇ—ધુંધવાઈ. શરૂઆતમાં તો તેણે સ્પૃહા થોડી જ રાખી હતી; પણ વખત જતાં તેનો ગુસ્સો નરમ પડયો. હવે તો તે પોતાની વર્તણુક માટે પસ્તાવાં લાગી. તે બિચારી ગરીબ ગાય જેવી થઇ ગઇ.

તે ગોપાળદાસનાજ વિચાર કરવા લાગી. પતિપત્ની પ્રથમ મળેલાં તે રાત્રિનો વિચાર કરી કરીને—'અરે રે; તે રાત્રિ પણ સુખે ન ભોગવી ' એમ વિચારતી ઝુરતી, સંભારી સંભારી આંસુ સારવા લાગી બહાર કોઇને કાંઈ કહેવાય નહિ, મનમાંજ મુંઝાય, આથી રોઇ રોઈ તેની આંખો સૂજી ગઈ, અને પોતે ગરીબ કુટુંબમાં અવતરી હોત તો કેવું સારૂં ! ! એવા વિચાર વારંવાર તેના મનમાં આવવા લાગ્યા.

જો કે તેની મગરૂરી શાંત—નરમ પડી, તોપણ હજી તે એવી સ્થિતિએ ન આવી શકી કે તે પોતાના પિતાને આગ્રહપૂર્વક પોતાને સાસરે, વગર તેડયે પણ વળાવવા કહે. હજી લગી તેના વિચારો એટલા ન બદલાયા તેમ તેનો વૈભવ પણ ઓછો નથી થયો, તોપણ વારંવાર વૈભવપ્રતિ તિરસ્કાર તો તેને આવતો થયો. વખતે વખતનું કર્યું; અને થોડાજ વખતમાં તેને ભાન થયું કેઃ—

સ્રીને પતિ એજ પરમ દૈવત છે, પરમ જીવન છે, પરમ ઇશ્વર છે, સ્વામીજ સ્રીને સર્વ છે, તેના વિના જીવન શૂન્ય-વ્યર્થ છે. રંગ-ભોગ-ઉપભોગ

તેનાવિના નથી. નથી તેનાવિના સુખ કે નથી વૈભવ. ટુંકામાં પતિ વિના કાંઈ નથી.

ભગવાનદાસના સંબંધીઓ **સુ**રતમાં ઘણા હતા. તેમના મામાના દીકરા **રા**મજી પટેલ પણ અહીંજ રહેતા હતા. **રા**મજી પટેલની દીકરી **સ**વિતા અને **લ**લિતા વચ્ચે નાનપણથીજ સારી પ્રીતિ હતી. અને વળી **સ**વિતાનું સાસરૂં રાજપુરમાં, આથી તે બંને બહેનોને વારંવાર મળવાનું થતું હતું. બિચારી પતિથી ત્યજાયેલી **લ**લિતાને દુઃખ રડવાનું સ્થાન માત્ર **સ**વિતા જ હતી.

હાલ થોડા માસથી **સ**વિતા પોતાના પિએર **સુ**રત આવી હતી. એવામાં તેના પિતા **રા**મજીપટેલના ઉપર એક મહેલ્લામાંના જ પડોશીએ ફર્યાદ માંડી. **રા**મજીપટેલના ઘરની અગાડી છૂટી જમીન હતી અને તે જમીનની માલકી તેમની હોવા હેતાં પડોશીએ તે પોતાની માલકીની છે એવું ઠરાવવા માટે તેમના ઉપર ફર્યાદ માંડી. વાદી ઘણો સબળ પક્ષનો અને પહોંચેલો હતો. **રા**મજીપટેલ પ્રતિવાદી **ભ**ગવાનદાસના સંબંધી અને તેમના જમાઈ જે અત્યારે ન્યાયાધિશ હતા તેમની સાથે સારૂં નહિ. આથી પોતાનું કામ જરૂર પાર

પડશે એમ ધારી વાદીએ પોતાનું કામ કરી લેવાનું ધાર્યું. ફર્યાદી મંડાઈ. મુદ્દત પડી. સમન્સ પહોંચ્યા. વાદીના પગ જોરમાં હતા. લોકવાયકા એવી જ હતી કે જરૂર રામજીપટેલ હારશે. સબળ પક્ષકાર વાદીએ સર્વ પ્રકારની તૈયારીઓ કરી રાખી; સાક્ષીઓ પણ ઉભા કર્યા ને આખરે ન્યાયાધિશને ત્યાં પણ જવા હીંમત ધરી. પણ ગોપાળદાસ તરફથી તો એવોજ ઉત્તર મળ્યો કે—"એકદમ ઘર છોડી ચાલ્યા જાઓ, અને ફરીથી આ બારણે ન ચઢતા. હું તમને ફોજદારી ગુન્હો કરતા ગણી તમારા આ કૃત્ય માટે સખત પગલાં લેત, પણ જાઓ જવા દઉંછું."

કેસ ચાલતા પૂર્વે, ઉતરી ગયેલા મુખે રામજીપટેલ પણ એક વાર ન્યાયાધિશ સાહેબ પાસે ગયા હતા. અને ત્યાં તેમના સંબંધની વાર્તા કાઢવા પ્રયત્ન કર્યો હતો. તેમ કેસ સંબંધી ઇસારો કરવા પણ ધાર્યું હતું; પરંતુ ચતુર ન્યાયાધિશે તેમને તેમ કરવા દેતાં ફાવવા દીધાજ નહોતા, અને એમ સ્પષ્ટ જણાવ્યું હતું કે મહેરબાની કરી તમારો કેસ મારી કોર્ટમાં ચાલે છે માટે ત્યાં સુધી મારે ત્યાં તમે ન આવતા. પણ તે સાથેજ જણાવ્યું હતું કે ન્યાયને સગાઈ સાથે કે કૌટુમ્બિક વ્યવહાર સાથે કાંઈ પણ

સંબંધ તથી અને ત્યાં (કચેરીમાં) તો જે ન્યાયપૂર્વક થવા યોગ્ય હશે તે જ થશે.

ન્યાયાધિશની રૂબરૂ ટક્કુ નહિ ચાલવાથી વાદી પક્ષકારે સાક્ષીઓ વગેરેને ખાસ તૈયાર કર્યાં હતા. સાક્ષીઓ થઈ. કેસ ચાલ્યો પણ આખરે સત્ય ઠર્યું અને રામજીશેઠને વિજય મળતાં સર્વે કોઈ ન્યાયાધિશનાં એકે અવાજે તેમની ન્યાય-વૃત્તિ માટે વખાણ કરતું જણાતું હતું. સવિતા—રામજીપટેલ સર્વે ગોપાળદાસના ઉપકારતળે દબાયાં હતાં. વાત ભગવાન દેશાઈ સુધી પણ પહોંચી. અને તે પણ પોતાની મગરૂરી માટે હવે પસ્તાવા લાગ્યા.

સવિતા હવે સાસરે આવી. તે પણ ગોપાળદાસનાં પુષ્કળ વખાણ કરવા લાગી હતી. લલિતાનો ગુસ્સો તો નરમ પડી જ ગયો હતો તે આપણે જાણ્યું છે. હવે તો તેણે સવિતાની સાથે ભગવાનરાય દેશાઇને કહેવરાવ્યું કે તમે લલિતાને એકદમ સાસરે મોકલો, નહીં તો તે પોતાની મેળે જ ઉપરવાટે થઇને જશે.

છોકરીની આ ઉદ્ધતાઇ માટે પ્રથમ તો જરા તે ખીજવાયા પણ વિચાર કરતાં આખરે તેમનો જુસ્સો નરમ

પડયો, અને તેને મોકલવા તરત તજવીજ કરી તથા પોતે કરેલી ભૂલ માટે એક મોટો વિનયને‌ા પત્ર ગોપાળદાસ મોકલ્યો.

ગોપાળદાસે પણ મિથ્યા દુરાગ્રહ ન કરતાં તરત જ લલિતાને બોલાવી લીધી અને બાકીનું જીવન બંને સ્ત્રી પુરુષે સુખમાં ગાળ્યું.

ભગવાનરાય દેશાઇના ઘરમાંથી હવે ઘરજમાઈ કરી રાખવાનો ધારો નીકળી ગયો છે. તેમની મોટી છોકરી પણ તેના સ્વામી સાથે જ રહે છે. અને હવે તેમના કુટુંબમાં સર્વે એમ સમજે છે કે **સાસરે સૂકો રોટલો ખાવાનો હોય તો પણ પિએરના સોનાના કોળીઆ કરતાં પણ તે વધારે સારો છે; અને પિએરમાં ફાવે તેટલો વૈભવ હોય ને સાસરે મજુરી કરવાની હોય તો પણ સ્ત્રી તો સાસરે જ શોભે, પિએર નહિ.**

સમાપ્ત.

બે સાહેલીઓ.

"સૌન્દર્ય આકર્ષક એકલું નથી."

મોહિની અને રમ્યા બે સમાન વયની સાહેલીઓ હતી. બન્નેનું વય લગભગ ૧૮ વર્ષનું થયું હતું. મોહિની અતિશય સુંદર હતી. સ્ત્રી-જાતિની સ્વભાવસિદ્ધ ચપલતાના નિદર્શનરૂપ નેત્રોનું સ્ફુરણ, પદ્મપત્રના મધ્ય ભાગસમાન વર્ણવાળા ઓષ્ઠ, મૌક્તિક સરખી ધવલ દંતપંક્તિ, અને એ ઉપરાંત સુંદરતાના અનેક ભાવો તેના સમગ્ર ગૌર શરીર ઉપર તરી રહ્યા હતા.

રમ્યાનો વર્ણ ગૌર હતો, અને આકૃતિ પણ સારી હતી; તેમ છતાં તે મોહિની જેવી સુંદર નહોતી. તેનાં નેત્ર સૌમ્ય અને કોઈ વિલક્ષણ ભાવને દર્શાવનારાં હતાં.

સુંદરતામાં આવો ભેદ હોવા છતાં પણ જે તે રમ્યાને વધારે બોલાવે, તેની સાથે પ્રેમથી વાતો કરે, અને જેમાં

તેમાં તેને ભેળવે; મોહિની સુંદર છતાં મનુષ્યોનું એટલું બધું આકર્ષણ તેના પ્રતિ થાય નહિ. રમ્યા અને મોહિની બન્ને સાથે જતાં હોય તો જે કોઈ મળે તે પ્રથમ રમ્યાને બોલાવે. કદાચ મોહિની એકલી જતી હોય અને કોઈ મળે તો પણ તે પહેલું એ જ પૂછે કે, 'રમ્યા બહેન આજે સાથે નથી કે શું?'

રમ્યા કરતાં હું સુંદર છું, છતાં જેટલા ઉમળકાથી સૌ કોઈ રમ્યાને બોલાવે છે તેટલા ઉમળકાથી મને કેમ કોઈ બોલાવતું નથી? એ સંબંધી ઘણીવાર મોહિનીને વિચાર આવતો અને પ્રશ્ન થતો; પરંતુ આનો ઉત્તર તે કોઈ રીતે મેળવી શકતી ન હતી. તેમ તેના મનમાંથી એ વાત પણ ખસતી ન હતી. રમ્યા કરતાં વધારે આગળ પડતી થવાને માટે તે શરીરને સુંદર રાખવાનો પણ બનતો પ્રયત્ન કરતી. અને તેમાં ઘણો સમય ગાળવા છતાં પણ તેમાંથી જે લાભ તેણે મેળવવો ધાર્યો હતો તે હજી સુધી મેળવી શકી ન હતી.

પોતાના કરતાં રમ્યા તરફ બધાનું પ્રથમ આકર્ષણ થાય છે, એ વાત મોહિનીને દિવસે દિવસે વધારે દૃઢ થતી ગઈ. આથી મનમાં અસંતોષ પ્રકટવાની સાથે પછીથી

ધીમે ધીમે રમ્યા પ્રતિ ક્રોધભર્યું વૈર પણ ઉપજવા માંડયું. જો કે હજુ તે વૈર તે બહાર બતાવતી નહતી અને બન્ને સ્નેહથી જ્યાં ત્યાં સાથે જ જતાં હતાં.

આટલું છતાં રમ્યા કરતાં મોહિની સુંદર હતી એ નિઃસંશય હતું, અને સર્વ કોઈ તે વાત કબૂલ કરતું હતું.

એવામાં શરદ્ પૂર્ણિમાની રાત્રે એક ગૃહસ્થને ઘેર ગરબા ગાવાનું સ્ત્રીમંડળને આમંત્રણ થયું. તેમાં આ બે બાલાઓને પણ જવાનું હતું.

બગીચામાં એક રમણીય સ્થળે ગરબા ગાવાની વ્યવસ્થા કરવામાં આવી હતી, તેમ જ સ્થાન પ્રકાશિત દીપકોથી અને બીજા સુંદર પદાર્થોથી ઘણી જ સારી રીતે શણગાર્યું હતું. એક પછી એક સ્ત્રીઓ આવવા લાગી. લ્હાણીની લાલચથી સ્ત્રીવર્ગની સારી સંખ્યા એકઠી થઈ ગઈ.

એમ કરતાં મોહિની અને રમ્યા પણ મલકતા મુખે આવી પહોચ્યાં. તેમના આવવાથી ત્યાંની શોભામાં અધિક વૃદ્ધિ થઈ. બધાં આવી ગયાં જાણી ગરબા ગાવાનું શરુ થયું. જેને જેને રુચ્યું તેણે તેણે ગાયા પછી કેટલોક વખત જવાને લીધે બધાં થોડીવાર થાક ખાવાને બેઠાં. જેણે

આમંત્રણ કર્યું હતું તેના તરફથી બધાંને થોડું થોડું ખાવાનું આપવામાં આવ્યું. બધાં એક સ્થાને બેસીને ખાતાં હતાં એટલામાં વાત ઉપર વાત નીકળતાં એ પ્રશ્ન થયો કે આપણાં બધાંમાં સૌથી વધારે આકર્ષક કોણ છે?

આ પ્રશ્ન નીકળવાની સાથે જ મોહિની મનમાં પ્રસન્ન થઇ. તેને વિચાર થયો કે આ વાત અનાયાસે ઠીક નીકળી. આજે તેણે ધારણ કરેલા અલંકારો, વસ્ત્રો બહુ ઉત્તમ હતાં, અને બીજી બધી રીતે પણ બહુ સુંદર દેખાવાય એવું તેણે કર્યું હતું.

પ્રશ્ન નીકળતાંની સાથે સ્ત્રીઓના સ્વભાવ પ્રમાણે કોઇએ કહ્યું ફલાણી ને કોઇએ કહ્યું ઢીકણી. આથી એક સ્ત્રીએ કહ્યું:–'એમ નહિ. કોઈ કોઇને મ્હોડે કહેવાથી એક બીજીને સારૂં ખોટું લાગે, માટે દરેક જણે જે તેને આકર્ષક લાગે તેનું નામ એક ચીઠીમાં લખવું, અને એમ જેનું નામ વધારે ચીઠીઓમાંથી નીકળે તે સર્વથી અધિક આકર્ષક ગણાય.' જે ગૃહસ્થની સ્ત્રીએ સર્વને આમંત્રણ કર્યું હતું તેને પણ આવી બાબતોમાં રસવૃત્તિ હોવાથી તેણે કહ્યું:– 'જેનું સૌથી વધારે ચીઠીઓમાં નામ આવશે તેને હું કંઇક ભેટ આપીશ.'

આમ થતાં દરેકની વૃત્તિમાં કંઈક વિશેષ ઉત્સાહ પ્રકટચો. બધાંએ પોતપોતાની ચીઠીમાં પોતાની રુચિ અનુસાર એક નામ લખ્યું. ચીઠીઓ એકઠી કરવામાં આવી. હવે પરિણામ જાણવાની સર્વેની વૃત્તિ ઉત્સુક થઈ. આમાં બધાં કરતાં મોહિનીની વૃત્તિ અંદરથી સહુથી અધિક આતુર હતી. નામ વાંચતાં દૈવયોગે એ પાંચ ચીઠીઓમાં સાથે સાથે જ તેનું નામ નીકળ્યું અને વંચાયું. આથી મનથી તે પ્રસન્ન થવા લાગી. એમ કરતાં બધી ચીઠીઓ વંચાઇ અને છેવટે ગણુતરી કરતાં સૌથી વધારે ચીઠીઓમાં રમ્યાનું નામ નીકળ્યું! તેમાં પણ જે વધારે બુદ્ધિવાળાં હતાં તેમણે તો તેનું જ નામ લખ્યું હતું.

આમ થતાં જ મોહિનીનું મુખ પડી ગયું. તેના અંતરના ઉંડાણમાં ખેદ અને દ્વેષ બંને પ્રગટ્યાં. બીજાંઓને તો એથી ગ્લાનિ થવાનો સંભવ જ ન હતો. તેથી તે તો સહુ પ્રસન્ન થયાં. આમંત્રણ કરનાર સ્ત્રીએ તત્કાળ રૂપાનું એક સુંદર પાત્ર રમ્યાને તેનાં થોડાં વખાણ કરીને ભેટ તરીકે આપ્યું. આથી સર્વે વધારે ખુશી થયાં. બહારથી તો મોહનીએ પણ પ્રસન્નતા દેખાડી, પણ અંતરૂમાં તેને ઉદ્વેગ થયો. રમ્યાના મુખ ઉપર તો પૂર્વના જેવી જ પ્રસન્નતા હતી. આ

પ્રસંગે તેના મુખ ઉપર કંઈ અધિક આનંદ ઉપજાવ્યો ન હતો.

થોડીવાર પછી પુનઃ ગરબા શરૂ થયા. બધાએ પૂર્વવત્ ઉત્સાહથી ગાવા માંડયા; પણ મોહિનીને પૂર્વનો ઉત્સાહ ન હતો. તેના મુખ ઉપર પ્રથમ જેવી પ્રસન્નતા પણ ન હતી, તેમ હવે તે કશામાં ઉમંગભેર ભાગ પણ લેતી નહતી.

ગરબા પૂરા થતાં સુંદર લ્હાણીઓ વહેંચાઈ. પછી સર્વે છૂટાં પડયાં. રમ્યા અને મોહિની બંને સાથે જ જતાં હતાં. રમ્યા તો સારી રીતે વાતચીત કરતી હતી; તેમ મોહિની પણ હસતી બોલતી, પણ પૂર્વ જેવું નહીં. થોડી થોડી વારે તે વિચારમાં પડી જતી. એટલામાં ઘર આવતાં બંને છૂટાં પડયાં.

રમ્યા તો ઘેર જઇને નિરાંતે સુઈ ગઈ, પણ મોહિનીને તો નિદ્રા આવી નહિ. તે તો એ જ વિચારોમાં ગુંથાઈ કે મારા કરતાં એ શી રીતે ચઢે? પણ કારણ કોઈ રીતે તેને સમજાયું નહિ; આથી અંતરથી તેનો દ્વેષ વધારે જાગ્રત થયો. આખરે કેટલીક વાર આમ તેમ પાસાં ફેરવ્યાં ત્યારે મોડી રાતે તે ઉંઘી.

સવાર થતાં તે ઉઠી, પરંતુ રાત્રિનો વિચાર તેના મગજમાં ઘોળાતો જ હતો. આથી બીજા કશામાં વૃત્તિ લાગતી

ન હતી કે કંઈ પણ કાર્યમાં તે જોડાઈ શકતી ન હતી. થોડીવારે બારીએ ડોકું કરતાં મોહિનીને પોતાના ઘરના ઓટલે જ ઉભેલી પોતાની એક પાડોશણ બાઇ જણાઈ. આ પાડોશણ ગરબા ગાવામાં રાત્રે સાથે જ હતી.

'આવો બહેન' કહીને તત્કાળ તેણે તેને બોલાવી. તે ત્યાં આવી અને થોડીવાર બીજી આડીઅવળી વાતો કરી, પછી કોઈ વાતનો સંબંધ કહાડીને મોહિનીએ પેલી સ્ત્રીને પૂછ્યું:—"હેં બહેન! રમ્યા અને હું એ બેમાં વધારે સુંદર કોણ?"

પેલી સ્ત્રીએ તત્કાલ કહ્યું:—"તમે."

મોહિની અંતરથી પ્રસન્ન થતી બોલી:—"ત્યારે હેં બહેન! કાલે ગરબા વખતની ચિઠીઓમાં તો એમનું નામ વધારે ચિઠીઓમાં હતું તેનું શું કારણ?"

પેલી સ્ત્રીએ કહ્યું:—"તે તો કોણ જાણે બહેન, રૂપાળાં તો તમે જ છો, પણ ગમે તેમ હો, પણ જોનારને ગમે અને વધારે બોલાવવા બેસાડવાનું મન થાય એવી તો એ રમ્યા જ છે. એનું શું કારણ તે તો કંઈ મને સમજાતું નથી. જો જો બહેન! ખોટું ન લગાડશો હોં."

મોહિનીએ હસતે મહોડે કહ્યું:–'ના રે બ્હેન ! એમાં ખોટું શામાટે લાગે ? મેં તો સહજ પૂછ્યું હતું. "

થોડી વાર વાતો કરીને તે બંને છૂટાં પડયાં. મોહિનીના મનનું સમાધાન થયું નહિ. દૈવયોગે ગરબામાં આવેલી પાંચ સાત સ્ત્રીઓની સાથે તેને તે દિવસે મળવાનું થયું, દરેકને યુક્તિપૂર્વક તેણે ઉપરનો પ્રશ્ન કર્યો, અને પ્રત્યેક તરફથી ઉપરના જ ભાવનો ઉત્તર મળ્યો કે, 'સુંદર તો તમે છો, પણ કોઈ પણ કારણસર મનને વધારે ગમે એવી અને આકર્ષક તો રમ્યા જ છે.'

બધાના આવા ઉત્તરથી તેને આનું કારણ જાણવાની જીજ્ઞાસા વધતી ગઈ, પણ કોઈના તરફથી તેને આનું નિરાકરણ મળ્યું નહિ.

એવામાં તેને વિચાર આવ્યો કે બીજું કોઈ આનો ઉત્તર આપતું નથી તો લાવ, રમ્યાને જ પૂછું, એમ વિચારીને તે રમ્યાને ત્યાં ગઇ.

રમ્યા પોતાના ઓરડામાં હીંચકા ઉપર સહજ ઝુલતી બેઠી બેઠી વાર્તાવારિધિ માસિક વાંચતી હતી. મોહિનીને જોતાં જ તે ઉઠીને બારણા આગળ મુખ મલ-

કાવતી આવી, અને આવકાર આપતાં બોલી કે ' આવો બહેન ! પધારો. '

આ ક્ષણના રમ્યાના સ્મિત વદનને જોતાં મોહિનીને પણ એકાએક એમ જ લાગ્યું કે ખરેખર, રમ્યાનું મુખ વધારે ગમે એવું અને આકર્ષક છે. પરંતુ આમ શાથી લાગ્યું તે તેને સમજાયું નહિ.

થોડી વાતચીત કર્યા પછી સામેના ટેબલ ઉપર પડેલા પેલા ગરબામાંથી મળેલા ચાંદીના પાત્ર ઉપર તેની દૃષ્ટિ પડી. અત્યારે તેમાં સુંદર પુષ્પો મૂક્યાં હતાં તેથી તે અધિક સુંદર દેખાતું હતું. મોહિનીને વાત કહાડવાનું કોઇ બહાનું જોઇતું જ હતું, એટલે આ પાત્ર જોતાં જ તે બોલી ઉઠી:-"ઓહો ! આ પાત્ર અહિં તો વળી વધારે સારૂં દેખાય છે. રમ્યા બહેન ! ચાંદીનું પાત્ર છતાં તેમાં જે પુષ્પ મૂકવામાં આવ્યાં છે તેથી તે વધારે શોભે છે. "

રમ્યાએ કહ્યું:-"હા બહેન ! ગમે તેટલું પણ ચાંદી તો જડ છે, અને પુષ્પ એ તો ચૈતન્યમય છે. ચૈતન્યની શોભા જૂદી જ હોય છે. ગમે તેવું સામાન્ય જાતનું કંઈ પણ હોય, પરંતુ જ્યાં સુધી તે પૂર્ણ ચૈતન્યમય છે ત્યાં સુધી તેની નૈસર્ગિક શોભા અદ્દભુત જ હોય છે. ચાંદીની મનુષ્યે

તો કિંમત વધારી છે, અને પુષ્પની તો ઈશ્વિરે વધારી છે."

આ પછી બીજા થોડા આડાઅવળા સવાલો પછી છેવટે **મોહિનીએ** પૂછ્યું:–" ત્યારે હે બ્હેન ! આપણા બેમાં વધારે સુંદર કોણ હશે ? "

મલકાતે મુખે રમ્યાએ તત્કાલ ઉત્તર આપ્યો:– " તમે. તમારૂં મુખ બહુ જ સુંદર છે અને તેમાં પણ સુંદર વસ્ત્રો સાથે તો તે ઘણું જ સુંદર લાગે છે. મને તમારૂં મુખ બહુ જ ગમે છે. કાલે રાત્રે ગરબામાં તમે બહુ જ અદ્દભુત દેખાતાં હતાં. "

અંતરમાં પ્રસન્ન થતાં **મોહિનીએ** પૂછ્યું:–"ત્યારે હે બ્હેન! સહુને તમારૂં મુખ વધારે આકર્ષક છે, એમ કેમ લાગ્યું ? મેં કેટલાકને પૂછ્યું ત્યારે તેમણે પણ એ જ કહ્યું કે સુંદર મુખ તારૂં છે, છતાં વધારે ગમે એવું અને આકર્ષક મુખ તો રમ્યા બહેનનું છે. આનું કારણ મેં તેમને પૂછ્યું તો કોઈ કહી શકયું નહીં. બધાંનો આ બાબતમાં એક મત થવા છતાં કોઈ પણ તેનું કારણ જાણી શકતું નથી. હું પણ જ્યારે હમણાં આવી ત્યારે તમને જોતાં મને પણ એમ જ લાગ્યું કે તમારા મુખમાં એવું કંઈક છે કે જે સહુને આકર્ષક થઈ પડે, તેમ છતાં એ શું છે, અથવા એનું કારણ શું છે, તે મને

સમજાતું નથી. હેં બ્હેન ! એનું શું કારણ હશે ? અને તે બીજાઓને કેમ સમજાતું નહિ હોય ? "

રમ્યાએ કહ્યું:-"મોહિની બહેન ! એનું કારણ એ છે કે ઘણાં માણસો એમ માને છે કે મનુષ્યની જેવી આકૃતિ મૂળની ઘડાઈ હોય તેવી જ આકૃતિ જીવન પર્યંત રહે, અને એમાં કંઈ ફેરફાર કરી શકાય નહિ. આમ માનવાને લીધે ઘણાં મનુષ્યો તો તેને સુધારવાનો વિચાર સરખોયે કરતાં નથી. અને તેથી બીજાં મનુષ્યોના મુખ ઉપર જે સૂક્ષ્મ ભેદો હોય છે તેનાં કારણ તેઓ જાણી શકતાં નથી. તે તો એમ જ જાણે છે કે આનું મ્હોડું આવું થવાનું હશે તે આવું થયું, અને બીજાનું મ્હોડું તેવું થવાનું હશે તે તેવું થયું. પણ ખરૂં જોતાં તેમ નથી. મનુષ્યના મુખની આકૃતિ નિરંતર બદલાયા જ કરે છે, અને એ બદલાવાનું કારણ બીજું કાંઈ નથી પણ મનુષ્ય પોતે જ છે. જે મનુષ્યો એમ જાણે છે કે આપણી આકૃતિમાં કશો ફેરફાર કરી શકાતો નથી, તેમની આકૃતિમાં જાણવા જેવો ઉત્તમ ફેરફાર થતો નથી. કેમકે તેમનું તે તરફ લક્ષ જ હોતું નથી. પણ જે એમ જાણે છે કે મારી આકૃતિને મારે જેવી કરવી હશે તેવી હું કરી શકીશ,

તે જ મનુષ્યો તેને માટે કંઈ પણ યત્ન કરે છે. અને તેવો યત્ન ન કરનારને અને અન્યની આકૃતિઓમાં રહેલા સૂક્ષ્મ ભેદોનું નિરીક્ષણ ન કરનારને એવા ભેદ શાથી પડે છે તે સમજાતું નથી. આથી જ તમે ઘણાને પૂછ્યું પણ તે ઉત્તર ન દઈ શક્યાં. જો કે પ્રત્યેક જોનાર મનુષ્યમાં તે ભેદોની અસર તો થાય છે જ."

મનુષ્યની આકૃતિમાં **સુંદરતા** અને **આકર્ષકતા** એમ બે વસ્તુઓ રહી છે. સુંદરતા મોટે ભાગે જન્મથી પ્રાપ્ત હોય છે. જો કે કેટલાક અંશે તેમાં પણ ફેરફાર કરી શકાય છે. આકર્ષકતા એ મનુષ્યનું સ્વાધીન લક્ષણ છે. આપણે જેટલું આકર્ષણ આપણામાં આણવા માગીએ છીએ તેટલું આવે છે, અને એ આકર્ષણ સૌન્દર્ય કરતાં ચઢી જાય છે. સુંદર શરીર તત્કાલ જોવું બહુ ગમે છે, પણ સમય જતાં તેના પ્રતિનો મોહ ઓછો થાય છે, પરંતુ જેનામાં આકર્ષકતા હોય છે તેનું મુખ વારંવાર જોવું ગમે છે અને સમય જતાં તેમાં વધારે અને વધારે મોહ જોનારને પ્રકટયા કરે છે.

આ આકર્ષકતાનો આપણા મનસાથે બહુ સંબંધ છે; કેમકે મન જ તેને રચે છે. મન જો નિરંતર સારા જ

વિચાર કરે છે, તો પછી આકૃતિમાં આકર્ષકતા ઘણી આવે છે. જેના તેના ઉપર ચીડાવું, મનમાં બળ્યા કરવું, કોઇનો ઉપર પ્રકટપણે કે અંતરમાં પણ દ્વેષના વિચારો કરવા, વારંવાર મનમાં દબાયેલાં રહેવું, ગમે તેવા કારણથી પણ ઉદાસીનતા પ્રકટાવવી, કોઈપણ પ્રકારનો અંતરમાં દંશ રાખવો, અકળાવું, તિરસ્કાર કરવો, જેમાં તેમાં સંશયગ્રસ્ત રહેવું, અને કોઈપણ મનુષ્ય માટે હલકા વિચારો કરવા— આ અને આવાં જ બીજાં લક્ષણો આપણી આકૃતિમાં આકર્ષકતા આણતાં નથી. આકૃતિમાં અત્યંત સુંદર હોવા છતાં પણ તેવાં મનુષ્યનો સહવાસ ઘણાને ગમતો નથી, તેનું કારણ આ જ છે.

સર્વ ઉપર ખરા અંતઃકરણથી પ્રેમ રાખવો, કોઇને માટે ખોટા વિચારો કરવા નહિ, કોઇના ઉપર ક્રોધ, ઇર્ષ્યા, અસૂયા વગેરે દર્શાવવાં નહિ, અને નિત્ય પ્રસન્નતા, આનંદ, આપણા હિતના જ અને તે પણ બને તેટલા ઉચ્ચ પ્રકારના જ વિચારોને આપણા મનમાં અખંડ રાખવા, એથી આપણામાં આકર્ષકતા પ્રકટે છે. આપણા મનથી સર્વેને સારા રૂપમાં જોવા, હમેશાં મનથી સારાં ચિત્રની

કલ્પના કરવી, સર્વેનું શુભ જ વિચારવું, જ્યાં ત્યાં સુંદરતાને જ જોવી, ઉપરથી દેખાતા ગમે તેવા ખરાબ પદાર્થમાં પણ તેના ગર્ભભાગમાં જે રમણીયતા અને અદ્વિતીયપણું રહેલાં છે તે જોવાં, અને સઘળાથી નિરંતર આનંદમાં રહેવું, એ આપણા મુખમાં ઉત્તમ આકર્ષકપણું આણે છે.

દરેક વસ્તુમાં કાઇને કાઈ પ્રકારની સુંદરતા રહેલી છે; પછી તે પાણી હો, પત્થર હો, ફુલ હો, પ્રાણી હો, મનુષ્ય હો, સૂર્ય હો, ચંદ્ર હો, વાયુ હો, મગજ હો, વિચાર હો, સંકલ્પ હો,–ગમે તે હો; પરંતુ સર્વમાં પ્રત્યેકની પોતાની સ્વતંત્ર સુંદરતા છે. જે કોઈ સૂક્ષ્મપણે તે જુએ છે તેને દરેકમાંથી તેની સ્વતંત્ર સુંદરતા તથા આકર્ષકતા જણાઈ આવે છે. જેઓ તેને જુએ છે, તેઓ પોતાનામાં પણ ઉત્તમ આકર્ષકતાને પ્રકટાવે છે.

મોહિની બહેન ! વિશુદ્ધ પ્રેમ એ એક એવું રાસાયણિક તત્ત્વ છે કે જે સર્વ વસ્તુના મેલને કાઢી નાંખીને તેમાં અપૂર્વ સુંદરતા પ્રકટાવે છે. આથી એ તત્ત્વમાં મેં પ્રાણી, પદાર્થ તથા પ્રસંગો–એ સર્વને ઝબકોળવાના વિચાર કરીને પછી મેં તેમ કરી જોયું તો હું આશ્ચર્યચકિત થઈ

ગઈ. પ્રથમ જે પ્રસંગો અને જે મનુષ્યો મને ખરાબ દુઃખ દેનાર, ત્રાસ આપનાર, વિરોધી, મલિન અને હાનિ કરનાર જણાતા હતા તે જ પ્રસંગો અને તેજ મનુષ્યો, તત્ત્વમાં ઝબકોળી કાઢયા પછી મને કેવલ વિશુદ્ધ અને નિર્મલ જણાયા પછી મને જણાયું કે તેમાંનું કોઈ પણ મને હાનિ કરે એમ નથી. કોઈથી મારૂં સુખ છીનવી લેવાય એમ નથી, કોઈ મારૂં વિરોધી નથી. ત્યારથી જેના જેના સંબંધમાં આવું, પછી તે કોઈ પ્રસંગરૂપ હોય કે મનુષ્યરૂપ હોય, પરંતુ તેને સઉથી પહેલાં આ તત્ત્વમાં ઝબકોળી દઉં છું. અને તેથી તેમના દોષ, દુષ્ટ સ્વભાવ કે કાંઈપણ મારી નજરે ચઢતું નથી.

જો કે શરુઆતમાં મને આ કરવું ઘણું કઠિન થઈ પડયું અને કંઈ કંઈ પ્રસંગોમાં મારી કસોટી થવા માંડી, પણ મારે એનું સત્ય જાણવું છે એવો મેં નિશ્ચય કરેલો હોવાથી કોઈપણ રીતે હું ડગી નહિ.

સુંદરતા ઘણામાં હોય છે; પણ આકર્ષકતા બહુ જ ઓછામાં હોય છે. અને જ્યાં સુધી આકર્ષકતા નથી આવી, ત્યાં સુધી તે મનુષ્ય કોઈ પણ નિરંતર પ્રીતિનું પાત્ર થઈ શકતો

નથી. બહેન ! ઉપર પ્રમાણે મેં મારા મનમાં ફેરફાર કર્યો અને તેની સાથે યોગ્ય કસરતથી અને મુખ્યત્વે કરીને પ્રસન્નતાથી મારા લોહીની શુદ્ધિ કરી. લોહી જેનું શુદ્ધ હોય છે તેનામાં એક પ્રકારનો પ્રકાશ જણાય છે. જો કે શરીરના નિયમો પણ એ રીતે સાચવ્યા; તેમ છતાં આકર્ષકતાને માટે તો મને ઉપર કહેલા મનના નિયમો જ સફલ જણાયા. ”

મોહિનીને પોતે વિશેષ સુંદર હોવા છતાં રમ્યા વિશેષ આકર્ષક હોવાનું કારણ હવે સમજાયું. તે સંતોષ પામી. બીજી આડીઆવળી વાતો કરી પ્રસન્ન મુખથી પોતાને ઘેર ગઈ અને બીજેજ દિવસે પોતે રમ્યાનો પ્રયોગ આરંભ્યો, અને પરિણામે વિજયી નીવડી.

રમ્યાએ આ પ્રયોગને ‘ રજીસ્ટર્ડ ’ કરાવ્યો નથી પણ પોતાની પ્રત્યેક બહેનોને તેનો સર્વ હક્ક આપી દીધો છે.

સંપૂર્ણ.

સોર્ટી (લૉટરી) ની ટિકીટ.

જુગટું નહિ તો બીજું શું ?!

જુવાન જગજીવન એક પ્રમાણિક અને હોંશિયાર કારીગર હતો અને પોતાની સ્ત્રી કુમળાની સાથે આનંદમાં જીંદગી ગાળી કાઢવી તથા અડોશી પડોશીમાં સારા ગણાવું, એ જ તેની આશાઓની પરિસીમા હતી. તેણે પોતાને સારૂ એક નાનું ઘર બંધાવ્યું અને તેના ગીરો ઉપર લીધેલા રૂપીઆમાંથી હજી પાંચસો રૂપીઆ આપવાના બાકી હતા. પણ આ રકમ જો તેની તનદુરસ્તી કાયમ રહે તો થોડાં જ વર્ષમાં આપી શકાશે, એમ તે ધારતો હતો. તેણે પોતાના આવકજાવકનો બરાબર હિસાબ રાખ્યો હતો અને ઉપરનું દેવું વાળવાને કેટલો વખત જોઇશે તે નક્કી કરી, ખંતથી પોતાના કામમાં મચ્યો રહ્યો હતો.

એક સાંજે વાળુ માટે ઘેર આવ્યો તે વખત જગજી-

વન કાંઈ મોટા વિચારમાં હોય એમ લાગતું હતું. કમળાએ તેનો ચિંતાશીલ ચહેરો જોઇ કારણ પૂછ્યું;

"કેમ આજ શું છે?" તે નમ્રતાથી બોલી, "મેં તમને આવા ગંભીર વિચારમાં કદી પણ દીઠા નથી."

"ના, ના. કંઈ નહિ; કાંઈ બહુ વિચારની વાત નથી." જરા અચકાઇને બોલતાં તે યુવાને જવાબ દીધો, "હું એક સોર્ટીની ટિકીટ લેવાનો ઇરાદો રાખું છું."

કમળા તરત કાંઈ બોલી નહિ અને નીચું જોઈ પોતાના ખોળામાં ઉંઘતા બાળકના સુંવાળા વાળ ઉપર હાથ ફેરવવા લાગી. પરંતુ તેના મોં ઉપર આવી ગયેલી છાયાને લીધે જાણે તે કાંઈ વિચાર કરતી હોય નહિ, એમ જણાતું હતું.

આખરે તેણે પોતાના પતિના મોં સામા અર્ધદષ્ટિ નાંખી, બીતી હોય એમ જોઈ પૂછ્યું:–"તેની કીંમત શી બેસે છે?"

"દશ રૂપીઆ." જગજીવને પોતાના મનમાં પણ બરોબર વિશ્વાસ બેસતો નહોતો છતાં બેદરકારી જણાવી ઉત્તર આપ્યો:

"અને તમે તે વેચાતી લેવાનો ઠરાવ કર્યો છે?"

"હા, હું ધારૂં છું કે એમાં કાંઈ હરકત જેવું નથી.

તારો શો વિચાર છે ?"

"જો તમે મારો મત પૂછતા હો તો હું કહું છું કે એ વેચાતી લેવામાં કાંઈ લાભ નથી."

"લાભ કેમ નથી ?"

પત્નીએ અચકાતાં અચકાતાં જવાબ દીધો:-"ઘણાં કારણોને લીધે-" પોતાના પતિને ગુસ્સે કરવા અને તે પોતાના કહ્યા પ્રમાણે નહિ ચાલે એવી ફીકરથી એકદમ પોતાનાં કારણો બોલી ઉઠવા તે ખુશી નહોતી. "પહેલું તો એ કે બધી સોર્ટીઓની રીત જ મને પસંદ નથી અને બીજું, તેના જોખમમાં ઉતરીને તેમાં ભરવા જેટલા પૈસા તમારી પાસે છે પણ નહિ."

"પણ ઈનામો તરફ તો જો!" જગજીવને પોતાના ગજવામાંથી એક જાહેર ખબર કહાડી કહ્યું:-" આ અહીં પહેલું ઈનામ લાખ રૂપિયાનું છે, બીજું પચીસ હજારનું, ત્રીજું દશ હજારનું અને એજ પ્રમાણે ઉતરતી રકમોનાં બીજાં ઇનામો બહુએ છે. મારા મનમાં કાંઇ એમજ પ્રેરણા થઈ લાગે છે કે, મને મોટું ઈનામ મળશે ને મળશે જ; અને પછી તું વિચાર કર કે આપણા ગીરોના રૂપીઆ આપી દેતાં પણ કેટલી મોટી રકમ આપણી પાસે રહેશે ? આપણે વધારે સુખશાંતિ ભોગવી શકીશું અને વખતે હું

માંદો પડયો તોપણ તારી ફિકર તો પછી મને નહિ રહે!"

તે યુવાન ઘણા ઉત્સાહ અને ખાત્રીથી બોલતો હતો; પરંતુ તેની પત્નીના ચહેરા ઉપર શોકની છાયા હતી.

" મને લાગે છે કે, આપણને ઇનામ મળવાનો સંભવ બહુજ થોડો છે." તેણે જગજીવન પાસેથી જાહેર ખબર લઈ જોતાં જોતાં કહ્યું:–" અહીં તો હજારો ટિકીટો વેચાવાની છે." પોતાનું બાળક તે જાહેર ખબર લેવા પ્રયત્નો કરતું હતું, તેને શાન્ત કરી તેણે જાહેર ખબર આઘી મૂકી.

" ભલે ત્યારે જોખમ તો જોખમ, મારો વિચાર તો એક ટિકીટ ખરીદવાનો થાય છે." જગજીવને પાછી તે જાહેરખબરનાં મોટા ઇનામો ઉપર એકવાર દૃષ્ટિ નાખી કહ્યું:–" જોને ! પેલા હરિશંકરને ગયે વર્ષે જ પાંચ હજાર રૂપીઆનું ઇનામ મળ્યું હતું."

કમળાએ પહેલાં કરતાં પણ વધારે ઝડપથી ઉત્તર દીધો:–" હા, મને તે ખબર છે અને એ પૈસાનું શું થયું ? તમે જાણો છો કે તરત જ તેણે તે બધો પૈસો એશઆરામમાં ઉડાવી દીધો. ખરેખર, **પ્રમાણિકપણાથી ઉત્પન્ન કરાયલા પૈસા સિવાયનો બીજો બધા પ્રકારનો પૈસો આપણા સુખમાં કાંઇ પણ વધારો કરી શકતો જ**

નથી અને તેથી નકામો છે; એટલું જ નહિ પરંતુ દુઃખરૂપ છે."

"પ્રમાણિકપણાથી ?" તે યુવાને પૂછ્યુંઃ—"સોર્ટીમાંથી એકાદ ઇનામ આપણને મળે તો તે અપ્રમાણિક રીતે મેળવ્યું કહેવાય ?"

"હા, હું ધારૂંછું કે કહેવાય." તેની પત્નીએ નરમાશથી પરંતુ ખાત્રી ભરેલી રીતે જવાબ દીધો: "**નશીબ ઉપર આધાર રાખતી સઘળી વસ્તુઓ, જે પૈસા ઉપર આધાર રાખે છે તે બધી અપ્રમાણિક છે. તમને લાખ રૂપીઆનું ઈનામ મળે તો તમે નવહજાર નવસો અને નવ્વાણું માણસોને તેમના દરેકના દશ દશ રૂપીઆ લૂટયા અથવા કાંઇ પણ બદલો આપ્યા સિવાય લઇ લીધા, તેમાં કાંઈ ફેર છે ?** આથી સોર્ટી એક પ્રકારનું જુગટું નહિ તો બીજું શું છે ?"

"ના ના; તું તો બહુજ ઉંડી ઉતરે છે." જગજીવન બોલી ઉઠયોઃ "તું વળી જુદું જ આમાં ધારે છે."

"કદાચ તેમ પણ હોય; પરંતુ મને તો ખરેખર તે તેમજ લાગે છે." કમળા બોલી ઉઠીઃ "જે ઇનામ તમને મળે તે બીજા ધણાનું જાય છે; અને કદાચ એમ પણ બને કે તમારા કરતાં પણ વધારે ખરાબ સ્થિતિવાળાઓને પણ એવું નુકશાન થાય. મારો મત તો છે કે, હું તો ટિકીટ ન

લઉં. આપણા **પ્રમાણિક ઉદ્યોગની કમાણી ઉપર રહીશું તો આપણે વધારે સુખી થઇશું એ ન નક્કી છે. ખોટી રીતે મળેલો પૈસો પોતાની સાથે દુઃખ અને કલેશ લેતો આવે છે.**"

જગજીવનની ખાત્રી ઓછી થતી હતી. પોતાની પત્નીનાં કારણોને દેવાનો જવાબ તેને જડતો નહોતો, અને ખરેખર પોતાના અંતઃકરણથી પણ તે કાંઇ ઉત્તર દઇ શકે તેમ નહિ હોવાથી તે વાત તેણે પડતી મૂકી. પણ તે યુવાન પોતાના હૃદયમાંથી તે મોહિનીને ખસેડી શકતો નહોતો. બીજો આખો દિવસ તેનું મગજ " ઇનામો " થી ભરપૂર હતું, અને કામ કરતે કરતે પણ " લાખ રૂપીઆ, પચીસ હજાર વગેરે " નું મનમાં રટણ કર્યા કરતો હતો.

બીજે દિવસે રાત્રે જ્યારે તે ઘેર ગયો ત્યારે પોતાની જાતને જે ફિકર ચિંતામાં નાંખી હતી તેનું ને તેનું જ તે મનન કરવા લાગ્યો. આથી તેના મન ઉપર એટલી બધી અસર થઈ કે, જ્યારે જ્યારે તે સોર્ટીનો વિચાર કરતો તે તે વખત તે સોના તથા રૂપાના ઢગલા સિવાય બીજું કાંઈ જોઈ શકતો નહોતો. ટુંકામાં આખરે જગજીવને એક ટિકીટ ખરીદવાનું નક્કી કર્યું અને ગીરો વાળવાને એકઠા કરેલા સાઠ રૂપીઆ જે પેટીમાં રાખવામાં આવ્યા હતા

તેની પાસે ગયો. તાળાનો કપરો–કડક–તીક્ષ્ણ અવાજ થયો અને તે પેટીનું ઢાંકણું ઉઘાડતાં ગભરાયો. તેણે કમળા સામું જોયું અને તેનો ચહેરો ચિંતાશીલ જોયો.

“ મને ખાત્રી છે કે મને એક ઇનામ તો મળશેજ.” તેણે પોતાનું ફીકું લાગતું મોં મલકાવવાને પ્રયત્ન કરતાં કહ્યું.

તેણે દશ રૂપીઆનું નોટ પેટીમાંથી લઇ પોતાના ગજવામાં મૂક્યું. તેની પત્ની કાંઇ બોલી નહિ. પોતાનો શોક સંતાડવાને તે પોતાના બાળકને રમાડતી હતી, કારણ કે આ બાબત વધારે બોલવા તે રાજી નહોતી. તેણે પોતાના પૈસા એકઠા થતા જોયા હતા અને તે તથા તેનો પતિ આ સુંદર ઘર ઉપરતું દેવું પતી જઇ પોતાનું થાય તે દિવસની આનંદથી રાહ જોયા કરતાં હતાં. પણ જ્યારે તેણે પોતાના નાના સંગ્રહમાંથી દશ રૂપીઆ જતાં જોયા ત્યારે તેને કોઈ પણ મોટા દુઃખનું અનિષ્ટ સૂચન થતું હોય એમ લાગ્યું. ફરીથી પોતાના પતિના આ પગલા વિરૂદ્ધ તે બોલત, પરંતુ તે તે વિષયમાં ઘણાજ લુબ્ધ થઈ ગયેલા છે એમ જોવાથી તેણે તે વાત ભાવિના હાથમાં રહેવા દીધી.

જગજીવને ટિકીટ વેચાતી લેવાને એક અઠવાડીઉં થઈ ગયું હતું; પરંતુ તેટલા વખતમાં પણ તે યુવાનને એક ઘડીનું પણ ખરૂં સુખ મળ્યું નહોતું. તે આશા અને ધાસ્તી

વચ્ચે ઝોકાં ખાતો હતો, અને તેના મનની સઘળી શાન્તિ તેના ઝપાટામાં ઉડી ગઈ હતી.

આખરે સોર્ટીનું પરિણામ જણાવાનો દિવસ આવી પહોંચ્યો. જગજીવન સોર્ટીની ઓફીસમાં ગયો તે વખત ખબર પડી કે પારણામ બહાર પડયું હતું અને ઈનામોનું લીસ્ટ ભીંત ઉપર ચોઢયું હતું. તેણે બીજાઓ પોતાનો ચહેરો ન જોઈ શકે એવી રીતે ઉભા રહી આખું લીસ્ટ વાંચી કાઢયું. ફરી ફરીને જોયું, પરંતુ પોતાની ટિકીટવાળો નંબર જણાયો નહિ—તે તેમાં નહોતો. આથી તે ઓફીસમાંથી ખરેખરો દુ:ખી થઇને ઘેર પાછો ગયો. જે દશ રૂપીઆ તેણે ખોયા હતા તે બચાવતાં ખરા પરસેવાની મહેનતનો એક આખો મહીનો લાગેલો હતો અને તેથી તેની ખોટ તેને ઘણી જ સખત લાગી.

જ્યારે રાતે ઘેર ગયો ત્યારે તેણે પોતાની પત્નીને તે નુકશાનના વાત કરી; પરંતુ તેણે તેનો જરા પણ વાંક કાઢયો નહિ. તેણે માત્ર તેને કહ્યું કે, " આ મળેલી શિખામણ મોંઘી છે, પરંતુ આખી જીંદગી સુધી નહિ ભૂલાય એવી કિંમતી છે. "

પણ તેથી જગજીવન સંતોષ પામ્યો નહિ. તે પોતાના નુકશાનનું ધુંધવાતા ગુસ્સાથી મનન કર્યા કરતો, અને

આખરે તેના મનમાં પાછા વિચાર આવવા મંડયા કે, મને પણ એકાદ સારૂં ઇનામ મળવાનો સંભવ છે! હવે તેને એમ થવા માંડયું કે, મેં સોર્ટીમાં ભરેલા દશ રૂપીઆ પાછા મળે તો હવે કદી પણ સોર્ટાની ટિકીટ લઉં નાહ. આવી રીતે વિચારમાં ને વિચારમાં રહેવાથી પોતાને થયેલું નુકસાન તે ખમી શક્યો નહિ. તે ફરીથી એક વાર પ્રયત્ન કરવાનું ધારવા લાગ્યો અને આખરે તેણે તેમ કર્યું ત્યારે જંપ્યો. પરંતુ આ વખત તેણે ટિકીટ લીધી તે વાત તેણે કુમળાથી છાની રાખી. પરિણામ એનું એ આવ્યું અને પોતાની ટિકીટ ઉપર શૂન્ય આવ્યું!

'વીસ રૂપીઆ ખોયા!'—એ ભયંકર વાક્ય તે યુવાન કારીગરના મગજને ધ્રુમાવવા લાગ્યું. "નક્કી મારે ઇનામ તો મેળવવું જ, મને થએલું નુકસાન વળી રહે એટલે બસ છે; એકવાર ફરી ટિકીટ લઇ નશીબ અજમાવી જોવું અને પછી કદી પણ હું ટિકીટ લેવાનો નથી."

"હાર્યો જુગારી બમણું રમે" એ કહેવત પ્રમાણે પોતાની નાની પુંજીમાંથી તેણે બીજા રૂપીઆ છાનામાના લીધા. ફરીથી ટિકીટ ખરીદી અને પાછું શૂન્ય આવ્યું. આશરે ત્રણેક મહિનાને છેડે બધી પુંજી ખલાસ ગઈ ગઈ. જગજીવનના ગજવામાં છેલ્લી ટિકીટ રહી હતી. આ ટિકીટ

ઉપર કાંઈક ઈનામ પણ આવે–ખોયા એટલા રૂપીઆ પણ મળે, એવી પ્રાર્થનાઓ ઈશ્વરને તે કેટલા ભાવથી કરતો હતો ? તે ચિંતાશીલ અને દુબળો થયો હતો, પરંતુ તેની ગરીબ, માયાળુ, વિશ્વાસ રાખતી પત્ની તો માત્ર એટલું જ ધારતી કે દશ રૂપિયા ખોયાને લીધે તે ફિકર કર્યાં કરતો હતો. જ્યારે તે તેને ચિંતા છોડી દેવા ઘણું કહેતી ત્યારે તે હસતો અને એ વાતને નજીવી ગણી કાઢતો.

જગજીવનની છેલ્લી ટિકીટવાળી સોર્ટીનું પરિણામ જણાવાનું હતું, તેને આગલે દિવસે કમળાએ તેને કહ્યું–"શેઠનો મુનિમ આજ છમાસિક વ્યાજ લેવાને આવ્યો હતો. તેને મેં કહ્યું છે કે તમને કાલ રૂપીઆ આપી જશે."

"હા, ઠીક કર્યું." જગજીવને ગભરાતે અવાજે ઉત્તર દીધો, "હા, હું એને કાલ આપી આવીશ."

તે યુવાન પોતાની સોર્ટીની ટિકીટનું અને તેના ઉપર આવવાના ઈનામનું સ્મરણ કરતો હતો. આ તેનો છેલ્લો પ્રયત્ન હતો અને "આ વખત તો ઈનામ મળ્યા વિના રહેવાનું જ નથી." એમ તે ધારતો હતો.

બીજો દિવસ પણ આવ્યો અને જ્યારે જગજીવન રાતે ઘેર આવ્યો ત્યારે તેની પાસે એક પાઈ પણ રહી નહોતી! તેનાં સઘળાં સુવર્ણસ્વપ્નાં તેને અંધકાર તથા

નિરાશા અને દુઃખમાં મૂકી દઈ ઉડી ગયાં હતાં.

"કેમ પછી શેઠને ત્યાં વ્યાજ ભરી આવ્યા?" કમળાએ પૂછ્યું.

જગજીવને હાથ ઉપર માથું મૂકીને ડસકાં ભરવા માંડ્યાં. તેની પત્નીએ ગભરાઇને એકદમ પોતાના પતિની પાસે જઈ તેના ગળાઉપર હાથ નાંખી માયા ભરેલી રીતે પૂછ્યું:– "મારા સમ, મને કહો તો ખરા કે શું થયું છે!"

તે યુવાને ક્ષીણ થઈ ગયેલા તથા ઉતરી ગયેલા ચહેરાથી તેના સામું જોયું. તેના હોઠ ઉપરથી લોહી જતું રહ્યું હતું અને મૃત્યુ પામેલા મનુષ્યના મોં જેવી તેની મુખાકૃતિ થયેલી હતી.

"આ શું?—એટલું બધું શું છે?" તેની પત્ની બોલી ઉઠી.

તેણે ઉત્તર દીધો: "જો આપણી પેટી–આપણા નાના ખજાનામાં જો!" કમળા ઉઠીને તે લેવા ગઈ અને આવી ત્યારે તેના હાથમાં એક ખાલી પેટી હતી.

"ચોરી થઈ?" તે બોલી ઉઠી. તેના પગ એટલા ધ્રુજવા લાગ્યા કે તેને જમીન ઉપર બેશી જવાની ફરજ પડી.

"હા, વહાલી!" તેના પતિએ જવાબ દીધો, "મેં ચોરી કરી છે."

તે ગભરાયલી પત્ની જગજીવનના મોં સામું વિચારશૂન્ય ચહેરે જોવા લાગી. પ્રથમ તે એકાએક આનું કારણ કાંઈ જ સમજી શકી નહિ, પરંતુ ધીમે ધીમે તેને પોતાના પતિની કેટલાંક અઠવાડિયાંથી બદલાયલી રીતભાતનું સ્મરણ થવા લાગ્યું. ઉંઘમાં પણ સોટીઓ અને ટિકીટો, ઈનામો અને શૂન્યો વિષે બબડયા કરતો હતો તે તેને સાંભરવાથી ખરી વાત આખરે તેની નજર આગળ તરવા લાગી.

"એ બધું મેં જ કર્યું છે હો!" જગજીવને જ્યારે જાણ્યું કે પોતાની પત્નીને બધી વાતની ખબર પડી છે ત્યારે તેણે કહ્યું, "બધું-બધું સોર્ટીની લહાયમાં જ બળી ગયું છે. **લાલચરૂપી દૈત્યે મને ભુલાવ્યો. તેણે પોતાના હાથમાં સોનું રાખી મને કાંઇજ આપ્યું નહિ, એટલુંજ નહિ, પણ મારૂં હતું તે પણ તેણે છીનાવી લીધું.** હવે તું મને કાંઈ પણ કહીશ નહિ! તને ખબર નથી કે મને શી શી વેદનાઓ થાય છે, મને શી શી ચિંતાઓમાં પડવું પડયું છે, અને હાલ મારૂં હૃદય કેટલું દુઃખી-નિરાશ છે તે પણ તું જાણતી નથી. ઓ મારી વહાલી! ઈશ્વરેચ્છાથી મેં તારૂં કહ્યું સાંભળ્યું હોત તો-!"

" હશે–!" તે માયાળુ પત્ની તેના ગરમ કપાળ ઉપર હાથ ફેરવતાં બોલી:–" જે થઈ ગયું તેની ચિંતા કરવી ન જોઇએ. આપણી ખરા પરસેવાની કમાણી આવી રીતે નાશ પામી એ સારૂં તો નથી, પણ ભાવિએ કદાચ આપણુને તેટલું નુકશાન કરીને કોઈ ઘણાજ મોટા ભયમાંથી ઉગાર્યાં હશે. મારા વહાલા! હીંમત રાખો. થોડા વખતમાં તો તે આપણે ભૂલી જઈશું."

" પણ શેઠ ગીરો બંધ કરશે અને તું ઘરવિનાની થઇશ." તે યુવાન પતિએ ભાગેતુટે અવાજે કહ્યું.

" ના, ના; ફિકર ન કરશો, વહાલા! હું એમને મળીશ." કમળાએ જવાબ દીધો, " એ વિષે જરા પણ ધાસ્તી રાખવા જેવું ન રહે તેમ કરીશ."

તેજ વખત બાળક જાગી ઉઠ્યું, અને તેની માયાળુ માતા તેની સારવાર કરવામાં રોકાઈ. બીજે દિવસ બપોરે કમળાએ ત્રીસ રૂપીઆ પહોંચ્યાની શેઠની સહીની પહોંચ પોતાના પતિના હાથમાં મૂકી.

" આજ આપી દીધું;" તે બોલી, " અને હવે આપણે ગઈ ગુજરી વિસારી દઈ, ભૂલ્યા ત્યાંથી ફરીથી ગણો."

" પણ કેવી રીતે–આ રૂપીઆ કેવી રીતે ભરાયા?"

જગજીવને પહેલાં પહોંચ ઉપર અને પછી પોતાની પત્ની-ઉપર નજર ફેરવતાં પૂછ્યું.

" ગમે તેવી રીતે, તમારી મેળે ફિકર ના રાખશોને. "

"પરન્તુ મારે ફિકર રાખવીજ જોઇએ. માટે મને કહે."

"ઠીક ત્યારે લ્યો કહું છું. મેં મારાં કપડાં વેચ્યાં. "

" અરે ! એ શું કર્યું !? કપડાં વિના ચાલશે ? "

" હા. કારણ હું તે ફરીથી વેચાતાં લઈ શકીશ. "

" કેવી રીતે ? માણસ પાછાં નાહ વેચે તો ? "

" પરંતુ મારા વ્હાલા ! આપણે જ્યાં સુધી તે લેવાને શક્તિવાન થયાં નથી ત્યાં સુધી મારે તે જોઇતાં જ નથી. તેની મારે જરૂરજ નથી. તમારે મને ઠપકો દેવો યોગ્ય નથી. **જ્યાં સુધી આપણે અડચણ હેરાનગતિ ભોગવીએ, ત્યાં સુધી મને તે પહેરવાથી જરા પણ સંતોષ કે કાંઇ પણ સુખ થવાનું નથી. "**

જગજીવને પોતાની પત્નીને છાતી સરસી ચાંપી અને તેનાથી જરા જરા સંભળાય એવી રીતે તેણે ઈશ્વરને પ્રાર્થના કરી. તેમાં આવી ભૂલ ફરીથી ન થાય અને નહિ થાય એવા નિશ્ચયનાં મૂળ જણાતાં હતાં.

બે વર્ષ વહી ગયાં. જગજીવને પોતાના કામમાંથી એક દિવસ પણ ખોયો ન હોતો. તે ખરેખરા નિશ્ચય અને દૃઢતાથી કામ કર્યે જતો હતો અને તેથી શુભ પરિણામની ખાત્રી હતી.

તે એક શનિવારની સાંજે મોડો ઘેર આવ્યો અને તેણે વાળુ કર્યા પછી ગજવામાંથી એક કાગળ કાઢીને કમળાના હાથમાં મૂક્યો.

" જો આપણું ગીરોખત." તેણે પોતાનો ચહેરો હર્ષથી પ્રફુલ્લિત થતાં કહ્યું:—" એની પાઇએ પાઈ આપી દીધી. હવે આ ઘર આપણું પોતાનું છે. મેં તેને માટે ખરા પરસેવાના પૈસા આપ્યા છે. હવે હું ખરેખરો ખુશી થયો."

કમળા પોતાના પતિની પાસે ગાદી ઉપર બેઠી અને પોતાનું માથું તેના ખભા ઉપર ટેકાવી મનમાં ગણગણી:— "કેવો ખુશીનો વખત ! ઈશ્વરનો કેટલો આભાર માનવો !"

"ખરેખર, આ સુખની જ ઘડી છે." તે યુવાન બોલ્યો;— " તને સાંભરે છે, વ્હાલી ! એ વર્ષ ઉપરનો દિલગિરીનો દિવસ તને સાંભરે છે ?

તે પત્નીના શરીરમાં કમકમાટી થઈ, પરંતુ તે કાંઈ બોલી શકી નહિ.

તેના પતિએ કહ્યું:—" હું કદી એ ભયંકર વખત ભુલવાનો જ નથી; અરે ! હજી પણ હજારો મનુષ્યોને આડે માર્ગે લલચાવી જનાર એ રાક્ષસીના ફંદમાં હું જે વખત

ફસ્યો હતો તે સાંભળીનેજ મને તો કમકમાટી છુટે છે. "

"પણુ તેની સર્વે ધાસ્તી આ સુખી પળમાં ભુલાઈ ગઈ છે." કમળાએ મોં મલકાવીને કહ્યું.

"તેની ભીતિ ગમે તો જતી રહે–ભુલાઈ જાય," જગજીવન બોલ્યો, "પરંતુ તેનાથી મળેલો અનુભવ કદી પણ વિસારવાનો નથી. **તે દુષ્ટ રાક્ષસી સોર્ટીને એક અંધારી બાજુ પણ છે.** એ બાજુ બીજાઓથી, જ્યાં સુધી અનુભવ ન મળે ત્યાં સુધી જોઇ શકાતી નથી."

"અને તેની બાજુઓ બધી અંધારી નથી ?" પત્નીએ નમ્રતાથી પૂછ્યું, "**જો તેની આસપાસ ચળકાર છે તો તે ઝાંઝવાનાં પાણી જેવો છે.** જેથી ભૂલા પડેલા **મુસાફરને ભય અને દુઃખમાંજ દોરાવાનો સંભવ છે.**"

"તું ખરૂં કહે છે. વહાલી, તું ખરૂંજ કહે છે. તું પહેલેથી જ સાચું કહેતી હતી. ખરેખર!" તેણે પોતાની પત્નીને પ્રેમભર્યા મુખે કહ્યું:—"જો પુરૂષો પોતાની સુજ્ઞ અને પ્રેમાળ પત્નીઓનું કહ્યું વધારે વખત માનતા થાય તો હાલ છે તેના કરતાં દુનિયાંનું દુઃખ ઓછું થવાનુંજ એમાં કાંઈ સંશય નથી."

સંપૂર્ણ.

ગાડરીઓ પ્રવાહ.

"મોહાંધો દ્રષ્ટિહીન છે."

ઘણાં વર્ષ પૂર્વે સુવેશ નામનો રાજા દક્ષિણમાં રાજ્ય કરતો હતો. તે રાજાને નવાં વસ્ત્રો ઉપર એટલો બધો પ્રેમ હતો કે પ્રતિમાસે હજારો રૂપિયા નવાં વસ્ત્રોમાં ખર્ચતો. પોતાનાં વસ્ત્રના ભંડારના માટે તેણે અનેક વિશાળ ઓરડા કર્યા હતા. એક ઓરડામાં હજારો પ્રકારના ધોતીજોડા રાખ્યા હતા. એકમાં ભાતભાતના રંગના અસંખ્ય પહેરણ કબજા વગેરે ભર્યા હતા. કોઇમાં સેંકડો મુકુટો, પાઘડીઓ, ફેંટા અને ટોપીઓ રાખી હતી. કોઈમાં હજારો ચિત્રવિચિત્ર રંગના અત્યંત શોભાયમાન ડગલા, અંગરખા, જામા વગેરે ભરી રાખ્યા હતા. શાલો, દુપટ્ટા વગેરે ઉપવસ્ત્રો માટે

પણ એક સ્વતંત્ર ઓરડો હતો. આ વિના બીજા પણ ચિત્રવિચિત્ર વસ્ત્રોથી મોટા મોટા ઓરડાઓ ભરી રાખ્યા હતા, અને તેમાં વસ્ત્રો એવા પ્રકારે ગોઠવ્યાં હતાં કે જે વસ્ત્ર જે ક્ષણે જોઇએ તે ક્ષણે તરત મળે. રાજા આ ઓરડામાં જઇને પ્રત્યેક કલાકે નવીન વસ્ત્રો ધારણ કરતો.

વસ્ત્ર ઉપરનો રાજાનો આવો અપાર પ્રેમ દેશવિદેશ ચર્ચાતાં, હજારો વ્યાપારીઓ નવી નવી જાતનાં અત્યંત શોભિતાં વસ્ત્રો લેઇને ત્યાં આવતા, અને રાજા તે વસ્ત્રો ખરીદતો હોવાથી વસ્ત્રોનું આ સંગ્રહસ્થાન દિન પ્રતિદિન વધ્યાં જતું હતું.

એક દિવસે બે ઠગ તે રાજ્યમાં આવ્યા અને રાજાને જણાવ્યું કે, “ અમે કાશ્મિર દેશથી આવ્યા છીએ. અમે એવાં તો ઉત્તમ પ્રકારનાં અલૌકિક વસ્ત્રો વણીએ છીએ કે તેવાં આ દુનિયામાં કોઇએ કદી જોયાં પણ નહિ હોય. ડગલા, અંગરખાં, પહેરણ વગેરે સર્વે વસ્ત્ર શાળ ઉપરજ તૈયાર થાય છે. તેમને દરજી પાસે શીવડાવવાની અગત્ય રહેતી નથી. અમારી શાળ ઉપર વસ્ત્ર એટલાં બધાં સુંદર થાય છે કે તે પહેરવાથી કદરૂપો માણસ પણ ઘણો સ્વરૂપ-

વાન્ દેખાય છે, એટલું જ નહિ, પણ વસ્ત્રોની સઉથી મોટામાં મોટી ખુબી તો એ છે કે, જે મનુષ્યો કેવળ મૂર્ખ હોય છે, અથવા તો પોતાની પદવીને નાલાયક હોય છે, તેમને તે વસ્ત્ર નજરે પડતાં નથી, એવો દૈવીપ્રભાવ એ વસ્ત્રમાં રહ્યો હોય છે."

આ સાંભળી મોહમાં અંધ બનેલો રાજા અત્યંત પ્રસન્ન થયો, અને વિચાર કરવા લાગ્યો કે ' અહો ! આવાં વસ્ત્ર જો હું તૈયાર કરાવીને પહેરૂં તો બે લાભ થશે. એક તો મારા રાજ્યના નોકરમાં કોણ પોતાનું કામ કરી શકવાને લાયક છે, અને કોણ નાલાયક છે, તેની સહજ પરીક્ષા થઈ જશે, એટલુંજ નહિ, પણ મૂર્ખ અને ડાહ્યા માણસો વગર મહેનતે ઓળખાઈ આવશે; અને બીજો લાભ એ થશે કે હું અત્યંત સ્વરૂપવાન્ દેખાઈશ.'

આમ વિચારી તેણે પેલા ઠગોને કહ્યું કે, મારે માટે જેમ બને તેમ ઉતાવળે તમે કહોછો તેમાં વસ્ત્ર તૈયાર કરી આપો.

એમ કહી કામનો આરંભ કરવા માટે તેણે તે ઠગોને ૧૦હજાર રૂપિયા અપાવ્યા.

પેલા ઠગોએ એક મકાન ભાડે લેઇને પોતાની શાળો ગોઠવી. પછી સઉથી ઉંચા પ્રકારનું રેશમ તથા કસબ તે ઠગોએ રાજા પાસે મંગાવ્યાં. તે આવ્યે તે સામાન તથા રૂપિયા ઠેકાણે કરી દેઈ પછી શાળો ચલાવવાનો ઢોંગ કર્યો અને જેમ ખરાં લુગડાં વણુતા હોય તેમ ખાલી શાળો ઉપર આખો દહાડો કામ કરવા લાગ્યા.

ચાર પાંચ દિવસ પછી રાજાને ઇચ્છા થઈ કે વસ્ત્ર વણુવાનું કામ કેવું ચાલે છે તે હું જાતે જઇને જોઈ આવું. પણ કમઅકલનાં માણસને તથા પોતાની પદવી માટે નાલાયક માણસને તે વસ્ત્રો દેખાતાં નથી, એ વાત સ્મરણમાં આવતાં તેને જોવા જતાં સંકોચ થયો. તેથી તેણે વિચાર કર્યો કે મારા પ્રધાનના જેવો ડાહ્યો તથા પોતાનો સ્વધર્મ બહુ બહુ ઉત્તમ રીતે પાળનાર બીજો કોઈ રાજ્યમાં નથી માટે લાવ તેનેજ જોવા મોકલું. એમ વિચારી પ્રધાનને પેલા વણુકરોના કામની તપાસ કાઢવા આજ્ઞા કરી.

તે ભલો વૃદ્ધ પ્રધાન વણુકરોને ત્યાં આવ્યો ત્યારે તે બંને ઠગોને ખાલી શાળો ઉપર ખુબ ઝપાટાબંધ મહેનત કરતા તેણે જોયા. પરસેવાના ઝેબે ઝેબ જેમને છૂટી રહ્યા

છે, એવા તે વણકરો શાળોને ખૂબ મહેનતથી ચલાવતા હતા. પ્રધાનને જોઇને તે બંને ઠગો 'પધારો પધારો' એમ બોલતા સામા ગયા અને શાળ પાસે તેમને તેડી લાવ્યા. શાળ તરફ નજર નાંખતાં પ્રધાનને ખાલી શાળો વિના બીજું કાંઈ નજરે પડયું નહિ. પરંતુ મૂર્ખ માણસને તથા પોતાની પદવી માટે અયોગ્ય માણસને વસ્ત્ર દેખાતાં નથી, એવું સાંભળેલું હોવાથી તે ચૂપ રહી શાળો તરફ ટગર ટગર જોઈ રહ્યો.

પેલા ઠગોએ પ્રધાનને પૂછ્યું:–" કેમ આપ સાહેબને આ વસ્ત્ર કેવાં લાગે છે ? આવા સુશોભિત રંગો, આવી જલે, આવી સુંદર કુમાશ આપે પૂર્વે કદી જોઈ હતી ?"

આ સાંભળી પ્રધાન મુંઝાયો અને વિચારવા લાગ્યો:– "અરે ! હું શું મૂર્ખ હઈશ, અથવા શું પ્રધાનના પદને યોગ્ય નહિ હોઉં ? પણ હવે આ વાત કોઇને જણાવવામાં સાર નથી."

એમ વિચારી પોતાનાં ચશમાં નાક પર બરાબર ગોઠવી તથા વસ્ત્રો જોઇને અત્યંત પ્રસન્ન થતો હોય તેવો

ડોળ કરીને તે બોલ્યોઃ—"ઓહો ! ધન્ય છે. આ વસ્ત્રો અત્યંત સુંદર છે. દેવલોકમાં પણ આવાં વસ્ત્રો નહિ હોય ! હું અવશ્ય મહારાજાને કહીશ કે મેં મારા જન્મમાં આવાં દિવ્ય વસ્ત્ર કદી જોયાં નહોતાં."

ઠગો બોલ્યાઃ—" આપ સરખા કદરદાન વિના અમારા કામની કદર કોણ પીછાની શકે એમ છે ? આપ મહારાજ-ને કહેશો કે આપે મોકલાવેલો સઘળો સામાન ખપી જવા આવ્યો છે, માટે થોડોક બીજો સામાન તથા આથી પણ બીજા ઉત્તમ જાતના રંગો તૈયાર કરવા માટે થોડું દ્રવ્ય મોકલવા કૃપા કરશો."

પ્રધાને સર્વ હકીકત રાજાને કહી; આથી વળી ઠગોને કેટલોક ભારે મૂલ્યવાન્ સામાન તથા દ્રવ્ય મળ્યું. તે સર્વેને ઠેકાણે કરી દઇને પાછા ખાલી શાળો આગળ નિત્યની પેઠે ધમધોકાર હાથ હલાવવા લાગ્યા.

ત્યારપછી ઘણા માણસો આવી આવીને આ નવાં વણાતાં અલૌકિક વસ્ત્રો જોઈ ગયા, અને જો કે કોઇને કશું જણાતું નહોતું, તોપણ તેમ કહેવાથી મને બધા મૂર્ખ કહેશે, તથા મારી જગાને માટે હું નાલાયક ગણાઇશ,

એવી ધાસ્તીથી પ્રત્યેક જોવા આવનાર વણાતાં વસ્ત્રનાં પુષ્કળ વખાણ કરતો.

આ પ્રમાણે લોકોમાં ઘેરઘેર વસ્ત્રની અલૌકિક સુંદરતાતાની વાતો થવા લાગી.

હવે રાજાને પોતાને પણ દિવ્ય વસ્ત્રો જોવાની ઇચ્છા થઇ. આથી રાજ્યના મુખ્ય મુખ્ય અધિકારીઓ સહિત રાજાની સ્વારી, પેલા ઠગો કે જેઓ ખાલી શાળો ઉપર કસબ કે રેશમવિના ધમધોકાર વણવાનું કામ કરતા હોય તેમ હાથ હલાવતા હતા, ત્યાં આવી પહોંચી.

રાજાને શાળ પાસે તેડી જઈ, ખાલી શાળ તરફ આંગળી કરી ઠગો બોલ્યાઃ–" મહારાજ ! આ વણાતા વસ્ત્ર તરફ દૃષ્ટિ કરો. અમારી ખાતરી છે કે આપનો આત્મા એથી પ્રસન્ન થયા વિના નહિ જ રહે. અમે કાશ્મીરના મહારાજા માટે વસ્ત્રો તૈયાર કર્યાં હતાં, તે ઘણાં જ સુંદર થયાં હતાં, પણ આ વસ્ત્રો આગળ તે પાણી ભરે છે ! આપ પ્રારબ્ધી પુરુષના પ્રારબ્ધથી આ વખતનો બંગ એવો ઉતર્યો છે કે ન ભૂતો ન ભવિષ્યતિ. "

રાજાએ તાકીતાકીને શાળો તરફ જોયું, પણ કશું ન

જણાતાં મનમાં વિચારવા લાગ્યોઃ-અરે આ શું ? મને તો કશું જ જણાતું નથી. શું હું મૂર્ખ હોઇશ ? શું હું રાજા થવાને અયોગ્ય હોઇશ ? અરે આ વાત બધા જાણશે તો મારૂં હાસ્ય થશે તથા લોકમાં મારા અપકીર્તિ થશે.

આવો વિચાર કરી વસ્ત્ર જોઈ બહુ જ પ્રસન્નતા તથા આશ્ચર્ય ઉપજ્યું હોય તેવું મુખ કરી રાજા બોલ્યોઃ-" આ-હાહા ! કેવું અલૌકિક કામ થયું છે ! " (પ્રધાન તરફ જોઇને) " અવશ્ય આ કારીગરો ઘણાજ બુદ્ધિમાન્ છે. એમને આ કાર્ય પૂરૂં થયે સારો સિરપાવ કરીશું. "

પ્રધાન વગેરે સર્વ અમલદારોએ શાળો પાસે અનુક્રમે આવીઆવીને વસ્ત્રો જોયાં, તથા કશુંજ ન જણાતાં છતાં ખરાં વસ્ત્ર જોયાં હોય તેમ વસ્ત્રનાં પુષ્કળ વખાણ કર્યાં. એક ખુશામતીઓ અમલદાર રાજાની પ્રસન્નતા મેળવવા બોલી ઉઠયોઃ-" પરમ દિવસે દશરાની સ્વારીમાં આપ મહારાજાએ આ દિવ્યવસ્ત્રો ધારણ કરીને જ હસ્તી ઉપર આરૂઢ થવું. આહાહા ! તે પ્રસંગે આપનું સ્વરૂપ આ દિવ્ય વસ્ત્રોથી કેટલું અદ્દભુત શોભશે ! "

સર્વ બોલી ઉઠયા:—" ઘણુંજ યોગ્ય કહ્યું; ઘણુંજ યોગ્ય કહ્યું. "

પછી તે ઠગોએ અધુરૂં રહેલું કામ સ્વારીને દિવસે પૂરૂં કરી આપવાનું માથે લીધું અને સર્વ દેખતાં તેઓ ખાલી શાળો ઉપર પાછા ભારે ધાલમેલ કરતા હોય તેમ હાથ હલાવવા લાગ્યા.

સ્વારીની આગલી રાત્રે ખુબ મહેનત લઈ કામ કરતા હોય તેવો ડોળ તે બે ઠગોએ કર્યો. રોજ ચાર પાંચ દીવા કરતા હતા, પણ આ રાત્રે વીશેક દીવા કરી દીધા. ડગલો, પહેરણ વગેરે શાળ ઉપરથી તૈયાર ઉતરતાં હોય તેમ ખાલી શાળો પરથી લેતા, અને સ્વચ્છ બિછાવેલી શેતરંજી ઉપર તેમને બરાબર પાથરી ગડી વાળતા હોય તેવો ડોળ કરતા. આ પ્રમાણે સ્વારીને દિવસે ત્રણેક વાગતાં સર્વ વસ્ત્ર તૈયાર કરી રાજાને વરધી કહાવી કે વસ્ત્રો તૈયાર થઇ ગયાં છે, માટે આપ મહારાજાએ અત્ર પધારી વસ્ત્રો ધારણ કરી જવા ઘટિત હોય તેમ કરવું.

પાંચ વાગે સ્વારી નીકળનાર હોવાથી ત્રણ વાગ્યાથી સઘળી તૈયારીઓ થવા માંડી હતી. સાડાચારને સુમારે રાજા પોતાના અમલદારો સાથે પેલા વણકરોને ત્યાં વસ્ત્ર પરિધાન કરવા આવ્યો. તેને આવતો જોઈ પેલા ઠગો સામા ગયા,

અને રાજાને અંદર આણી કેટલીક ખાલી ખીંટીઓ તથા પેલી શેતરંજી તરફ લાંબા હાથ કરી બોલ્યાઃ–" મહારાજ ! આ ખીંટીઓ ઉપર લટકાવેલાં તથા આ શેતરંજી ઉપર ગડીઓ વાળી મૂકેલાં આ દિવ્ય અતિ સુંદર વસ્ત્રો જુઓ." શેતરંજી ઉપરથી જાણે કોઈ ગડી કરેલું વસ્ત્ર ઉંચકતો હોય તેવું ડોળ કરી એક ઠગ બોલ્યોઃ–"આ દિવ્ય પીતાંબર જુઓ. એનું પોત એટલું તો બારીક છે અને એટલું તો હલકું છે કે શરીર ઉપર ધારણ કર્યા પછી જાણે શરીરપર કશું જ પહેર્યું ન હોય એવું લાગે છે. એને ગડી વાળીને દાબીને એક નાની સરખી તપખીરની દાબડીમાં મૂક્યું હોય તો પણ તે તેમાં સમાઇ રહે છે અને એમ છતાં એનો પનો ખુંટ સવાબે ગજ છે અને અગિયાર હાથ લાંબું છે. બીજા આ કસબી ધોતીજોડા જુઓ. એ પણ પોતમાં, કુમાસમાં અને શોભામાં એકએકને ટક્કર મારે એવા છે. આ વિવિધ રંગની સુંદર શાલો જુઓ. એના રંગ જાણે ઉડીને હમણાં આંખે બાઝશે, એમ આપ મહારાજને નથી લાગતું ? આ દુપટ્ટાઓ જોઇને તો આપ મહારાજાનો આત્મા ખુશ ખુશ થઇ જશે. આપ એને હાથમાં લેઇને જોશો તો જણાશે કે એકેકનું વજન બે બે

આની ભાર પણ નથી. આ અગીઆર ખીંટીઓએ આપના દિવ્ય ડગલા, પહેરણ, કબજા તથા જામા લટકાવી દીધા છે, તે પ્રતિ પણ દૃષ્ટિ નાંખવા આપ મહારાજા કૃપા કરશો. આ મસ્તકે બાંધવાનાં પાંચ કસબા મોળીયાંની શોભાનું વર્ણન થઇ શકે એમ નથી. જેમ દહેરા ઉપર સુવર્ણના કળશથી આખા દેવાલયની શોભા વધે છે, તેમ આ મોળીયાં આ બધાં વસ્ત્રરૂપ દેવાલયના કળશરૂપ છે. એ વિનાનાં બીજાં પરચુરણ વસ્ત્રો પણ આ શેતરંજી ઉપર આપના જોવામાં આવશે. આપ ધણીની ખાતરી થશે કે આ તૈયાર કરવામાં અમે દહાડો કે રાત જોયું નથી અને ઉંઘને તથા ખાવાને પણ વિસારી મૂકીને શરીરની કે કશાની દરકાર રાખ્યા વિના માત્ર આપને પ્રસન્ન કરવા ઉપર જ ધ્યાન આપ્યું છે. આપ નામદારનો જીવ રાજી થશે તો અમને નવેનિધ તથા અષ્ટમાસિધ મળી સમજીશું."

રાજા તથા તેના અમલદારો આ લાંબું ભાષણ સાંભળતાં સાંભળતાં વસ્ત્રોને જાણે જોતા હોય તથા આશ્ચર્ય પામતા હોય તેવું ડોળ કરતા હતા. તે પેલા ઠગો બોલી રહ્યા કે પોતાની અત્યંત પ્રસન્નતા જણાવવા લાગ્યા. પ્રધાન તથા બીજા અધિકારીઓ જેઓને કશું જ જણાતું નહોતું,

તેઓ બોલવા લાગ્યા:–"ઓહો! આ કારીગરોને ધન્ય છે, ધન્ય છે !"

પછી ઠગો બોલ્યા:–"મહારાજ! આપ આ પહેરેલાં વસ્ત્ર કૃપા કરી ઉતારો તો આ નવાં વસ્ત્ર અમ આપને યથાવિધિ ધારણ કરાવીએ. વસ્ત્ર ધારણ કરતી વખતે આ સુંદર મોટા આરસા સામે આપ ઉભા રહેશો તો આપની સુંદર મનોહર મૂર્તિ આ દિવ્ય વસ્ત્રો પહેરવાથી કેવી ત્રિભુવનમોહક બને છે, તે જોઇને આપના આનંદનો પાર નહિ રહે."

પછી રાજાએ માત્ર એક કચ્છ વિના પોતાનાં પહેરેલાં સર્વ વસ્ત્ર એક પછી એક ઉતાર્યાં. આ કસબી ધોતીઓમાંથી કયી ધોતી રાજાસાહેબને પહેરાવીશું એમ પેલા બે ઠગો માંહોમાંહી વિચારવા લાગ્યા. આખરે એક નિશ્ચય કરી જાણે તેની ગડી ઉકેલતા હોય તેવો ડોળ કરી કહ્લી કરી રાજાને તે પહેરવા આપી. રાજાએ પણ પહેરતો હોય એમ ચાળા કરી તે પહેરી.

આ પ્રમાણે એક પછી એક વિવિધ વસ્ત્રો ધારણ કર્યાં.

જો કે કોઇને કશું જ દેખાતું નહોતું, તો પણ મધ્યે મધ્યે પોતે બુદ્ધિવાન્ છે એવું દેખાડવાને માટે ખુશામતીઆ અમલદારો બોલી ઉઠતાઃ—"આહાહા ! માહારાજની આકૃતિ કેવી મનોહર દેખાય છે ! મુખ ઉપર કેટલું તેજ ભાસે છે !"

રાજા પણ આરસી આગળ ઘડીકમાં શરીરને આમ નમાવતો અને તેમ નમાવતો તથા ખૂબ પ્રસન્ન થતો જણાતો. સર્વ વસ્ત્ર ધારણ થઈ રહ્યા પછી મોળીયું પણ મસ્તક ઉપર ખાલી આકાશમાં હાથના ચાળા કરી કરા બાંધી લીધું.

એકલા કચ્છ વિના બીજું કોઇ પણ વસ્ત્ર જેના શરીરપર નહોતું એવા નગ્નસમ રાજાને જોઇને સર્વે બોલ્યાઃ—"ઓહોહો ! મહારાજનું સ્વરૂપ કેટલું અલૌકિક લાગે છે ! આ વસ્ત્રોના સુંદર રંગ અને તેથી ખીલી નીકળેલું મહારાજનું દેવસમાન મનોહરરૂપ જોઇને આંખ પલકારા મારવાનું પણ ભૂલી જાય છે."

એટલામાં બહાર સ્વારી સર્વે તૈયાર થઈ ચુકી છે, એવી છડીદારે વરધી આપતાં રાજાએ કહ્યુંઃ—"હા ચાલો

હું તો તૈયાર થયો જ છું."

વળી આરસામાં એકવાર દૃષ્ટિ નાંખીને પાસે ઉભેલા પ્રધાન વગેરેને પૂછયું:—"કેમ, આ વસ્ત્ર મને બરાબર શોભે છે કની ?"

ચારે બાજુથી વળી એકવાર ફરીને, 'સર્વોત્કૃષ્ટ, અતિ ઉત્તમ, અતિઉત્તમ' એવા ઘોષ થઇ રહ્યા.

દ્વાર આગળ ઉભા રાખેલા હસ્તિ ઉપર રાજા આરૂઢ થયો, અને તેને જોઇને પ્રજાજનો બોલવા લાગ્યા:–"આહા-હા ! રાજાએ આજ તો કાંઇ અલૌકિક પોષાક ધારણ કર્યો છે ને શું ? વસ્ત્ર આવાં દેવતાઈ હશે એવું આપણે તો સ્વપ્ને પણ ધાર્યું નહોતું. પ્રાણી માત્રને રાજાનું બોડું માથું અને ઉઘાડું શરીર જ જણાતું હતું; તો પણ રખેને સાચી વાત કહેવાથી આપણે મૂર્ખમાં ગણાઇશું એવા ભયથી, ડાહ્યામાં ખપવા માટે સર્વે પોતાની બુદ્ધિ પ્રમાણે જે જે ઉત્તમ શબ્દો સૂઝયા તે તે શબ્દોવડે રાજાનાં વસ્ત્રની સ્તુતી કરવા લાગ્યા.

ટુંકામાં આખું જગત્ એકે અવાજે કોઇને વખાણતું

નથી એવું સામાન્ય રીતે કહેવાય છે, છતાં આ રાજાનાં વસ્ત્રને સર્વેએ વખાણ્યાં.

એટલામાં સ્વારી જોવા મળેલી ઠઠમાં એક નાનો સાત વરસનો છોકરો બોલી ઉઠયોઃ—" પણ બાપા ! રાજાનું માથું તો ઉઘાડું છે અને એના શરીર ઉપર પહેરણ કે અંગરખું એ નથી જણાતું તો આપણી પેઠે એમનાં લુગડાં પણ શું ધોબી ધોઇને વેળાસર નહિ આપી જતો હોય ? "

પાસે ઉભેલો માણસ બીજાને કહેવા લાગ્યોઃ—"અલ્યા સાંભળ્યું કે ? આ છોકરો શું કહે છે ? "

બીજો બોલ્યોઃ—" ખોટું શું કહે છે ? જરા આંખો ફાડીને જો તો ખરો ? ખાખીમાં ને રાજામાં શો ફેર છે ? "

ત્રીજો બોલ્યોઃ—" છો બધા મને મૂરખ કહેતા; સાવ બ્હીકણ બિલાડીઓ ! દેખવું તેવું કહેતાં ડર શો ? છોકરો બિચારો ખરૂં જ કહે છે કે રાજાએ કશું જ પહેર્યું નથી. "

આમ ધીરે ધીરે સર્વે માંહોમાંહે બોલવા લાગ્યા કેઃ— " રાજાએ કશું જ પહેર્યું નથી. રાજા વસ્ત્રરહિત-નગ્ન છે. " આપસગુપસ ચાલતી વાત રાજાને પણ સમજાઈ અને તે

ચમકયો; પણ હવે 'તેરીબી ચુપ અને મેરીબી ચુપ' કર્યા વગર છૂટકો નહોતો. જાણે કશું જ જાણતો ન હોય તેમ ઠંડે પેટે તે હાથી ઉપર બેશી રહ્યો અને સ્વારી નિયમ પ્રમાણે વહેવા લાગી.

બીજે દિવસે તપાસ કરતાં જણાયું કે ઠગો રાતોરાત નાશી ગયા હતા.

હવે રાજાને સમજાયું કે તે ખોટા મોહમાં છતી આંખ્યે આંધળો બન્યો હતો, અને તેની મૂર્ખતાનો લાભ ઠગો લેઇ ગયા હતા.

સમાપ્ત.